અમદાવાદ.



આવૃત્તિ બીજી પ્રત ૨૦૦૦

અમદાવાદ.

શ્રી સવખંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ કે સભાપોસ કુરસાજે.

શાકે ૧૮૧૨

નામી શારદા, ...
દશ. ૧ હુંજર સુખ મેણુ રૂપા
અતી રૂપ સુદર નામ
અરૂણ કુશમની
તન શીંદુર લેપન; અરૂણ ચંદન ભાલ. ૩ કર કમં-
ડ ફરશી, અએપાત્ર અનોપ; ચરણ નેપુર કનક કુંજર, નહા
મનોહર રૂપ. ૪ મુષક વાહન દુષ્ટ દાહન, ગહન ગુણ ગંભીર,
મોદીક ભક્ષાણ જગત રક્ષણ, વચીક્ષણ રણધીર. ૫ વીઘન હરતા
શીધ કરતા, વક્ર તુંડ વિઘનેશ: વીશવ વલભદેવ દુલભ, અકલ
અદભુત વેશ. ૬ શરવ પેહેલો શરવ પુજે, ગુણ વખાણે આપ,
મુની માનદેવ દાનવ; જપે નીશદીન જાપ. ૭ પ્રણમું તે માંહે
પેહેલો; ગણપતી ગુણવંત, પ્રહલાદનું આખ્યાન કેહેવાં, ઉપની
મન ખંત. ૮ શ્રી શારદાને પ્રતાપે, પ્રહલાદનું આખ્યાન; સંક્ષેપ
માત્રે કરૂ વરણવ; ભગતી શ્રી ભગવાન. ૯ કરી નવવીધા ભગતી
જેણે, ધરી મનમાં ધીર; દુષ્ટ કુલનો હવેશ દેખી, શહુ દુખ શરીર
૧૦ અરપી ઉચીત પ્રભુ ચરણે, કરૂં શમરણ આપ મુખ થકી
હરી નરમ કેરો, જપે નીશદીન જાપ. ૧૧ તે શુણીને તાત કોપી-
ઓ, જેને વિસ્ણુ સાથ વેર, મંગલ મોહારા વેરીનું શમરણ, શી-
ખવે ભલી પેર. ૧૨ ધણી ભાતે લોભવીને, ભણાવે ભાવે કરી,
પણ ન મુકે મન થકી, નીત્ય શમરે શ્રી હરી. ૧૩ તાતને તવ ક્રોધ
વાધો, દુસ્ટે કીધો દંડ; તે તણો બહુ માર દેખી, ભેદરે બ્રમાંડ.
૧૪ તેજ વેલા કષ્ટ ભંજન, દુષ્ટ કરવા ભંજ, સ્થંભ ફોડી નાથ
પ્રગટયા, નાથ શ્રી નરશીંઘ. ૧૫ તે કથાનો અતી મહિમા, શરવથા
બોલે સ્તુતી સાંભલા વણ પ્રથા કાવ્યા, તે જથારથ વીનતી. ૧૬
તેજ માંડી વેદવ્યાસે, કહું શ્રી શુકદેવને, પરીક્ષતને કેહે શુકજી;
જે ધરે કરૂણા દેવને. ૧૭ પુરાણોં શુ તે શુણુ, તે કહુ નિસી શા
રણને વીખે, રૂશી શધળા શુણોં હરખા, થઉં તનપાત કખે. ૧૮
સ્કંધ દ્વાદશ ભાગવતે, ગરંથ કેવલ ગનાંન; માંહી નીરગુણ શ-
ગુણ ભાવે, ભકતી શ્રી ભગવાન. ૧૯ તે માંહી વલી તત્વ ભક્તી,
પ્રહલાદનું આખ્યાન; શાંભલ ધ્રઢ ભગતી પામે, મલે મોક્ષની
દાન. ૨૦ તેજ માટે સરસ્વતીની, સ્તુતી કરૂં કરજોડ, શંસ્કૃતે પ્રા-
કૃત કેહેવા, ઉપનો મનકોડ. ૨૧ સાહ્ય થાઓ શરસ્વતી મુને, માત
મોટી આશ, ચરણ પંકજ શીશ નામી, કેહે કાલીદાસ. ૨૨ પ્રુર-

... તુ, ત્રલોક૦ ૨ ચ...
ચાતુર વરણ તુ, અગનાન તામ...
ત્વ રાજસ તામશી, ગુણ ...
હુમાં તું વશી. ત્ર...
શુરા શુરવંશમાં, અવ્યકત પદના અંશમાં, ત્રઇલો...
વીર્સ્નમા અવાનાશી તું, પ્રથવી પવન આકાશ તું, જલ
પીઠ પ્રકાશ તું. ત્રઇલોક૦ ૬ નીરગુણ સગુણમાં સત્ય તું, આદ અં-
ત્યની ઉતપત્ય તું, મોહોટા મુની નીમત્ય તું. ત્રઇલોક. ૭ તનરૂ-
પ તાહારૂં રશ ભરૂં, અદભુત હંશ આશન કરૂં; જપમાલ કર
પુસ્તક ધરૂં ત્રઇલોક. ૮ મસ્તક મુગટ મંડીત મણી; ઝલકે કલા
કુંડલ તણી, રવી કોટથી શોભાવણી ત્રઇલોક૦ ૯ મુખ ચંદ્રની ક-
લંકો જેવું, સ્વરૂપ સુંદર વરણવું: ના આવે કહામાં છે એવું ત્ર-
ઇલોક. ૧૦ હદે કમલ લોચન કામની, છો ભગતવછલ ભામંની,
તન જલ હલે જેમ દામની, ત્રઇલોક૦ ૧૧ નવા નવા આભુષણ
ધારણી, નખ શીખ શોભા તુજ તણી, નવ જાએ વાણીએ ગણી.
ત્રઇલોક ૧૨ તું કમલ નંદન નંદની, વીધા સકલ શુર વંદીની;
માહા દુષ્ટ દઇત નીકંદની. ત્રઇલોક૦ ૧૩ જેને કૃપા તારી હશે,
તે પરમપદને પામશે, તુજથી સકલ દુખ વામશે; ત્રઇલોક૦ ૧૪
તુજ દયાએ દુક્રીત બલે, શત્રતાં પદારથ પણ મલે, શંશાર દુ:ખ
તુજથી ટલે ત્રઇલોક૦ ૧૫ ત્રણ કાંડી વીદા વેદની, ઉતપત ભેદા
સેદની, તુજથી પ્રકટ થઇ છે મેદની, ત્રઇલોક૦ ૧૬ તું શરવ વ્યા-
પીક શરસ્વતી, વાણી વીશ્વરૂપે થઇ છતિ; શુણ માતા મોરી વી-
નતી ત્રઇલોક૦ ૧૭ છઊં ચરણ તારે શાંમની, તું પુરતલ મન
ની હાંમની, મુને આશા તારા નામની. ત્રઇલોક૦ ૧૮ તે મારે
શુંદરી શારદા, આપો પ્રબલ વાણી સદા, કહું વિષ્ણુ લીલા શર-
વદા. ત્રઇલોક૦ ૧૯ પ્રહલાદનો કેહેવા કથા અભીલાખ મન
પરગટો અથા, હવે સરસ્વતિ તું શાહે થા. ત્રઇલોક૦ ૨૦ તારે
પરતાપે પ્રેમદા, બોલું પ્રભુના ગુણ શરવદા; અવગુણ ન ધરશો
મન કદા. ત્રઇલોક૦ ૨૧ મુજ નામ કાલીદાશ છે, તન માહે તાહા-
રો વાશ છે, તેણે એવો અભીઆશ છે, ત્રઇલોક૦ ૨૨ તારી કૃપા-
એથી હવે. કહું કથા પદ નવે નવે; બહુ રાગ કડવે જુજવે. ત્ર-
ઇલોક. ૨૩ જુગદંબે એણીપેરે વીનતી, કર જોડીને બોલે કવી,
ત્યાંથી કથા ચાલી નવી. ત્રઇલોક૦ ૨૪ પુરવ છાઓ.

-રન, વાધ્યા આશ્રજ મન અપાર, દેખી અકલ લીલા કી-
રતાર. ૧૬ તીહાં નારદ રૂષી હતા પાસે રાજા જુધીશ્ટર વચન પ્ર-
કાશી- શીશ નામી તે રૂષીજીને પાએ, એમ બોલા જુધીશ્ટર રા-
૧૭ સ્વામી કારણ કહો માહારાજ. અમો આશ્રજ પામ્યું
જ મહા પાપી હતો ભુપાલ, કેમ મોક્ષ પામો શીશુપાલ. ૧૮
મે સકલ વીધાના વેદ, સરવ અગમ નિગમના ભેદ, તેનું કાર-
ણ કહો દ્રીજ દેવ, દુષ્ટ ઓધારાનો અર્થમેવ. ૧૯ હેવું સાંભળી
. ..ન્ય, રાએ પુરણ તારૂં પુન્ય, પુછી પવિત્ર કથાનિ વાત,
..રૂ મનડું થયું રલીઆત. ૨૦ સભલાવું તે સાંભલ રાએ, જે
થી જનમના પાતીક જાએ; થાએ પાવન સરવ શરિર, જીવ ભ-
ગતી પામે જદુવીર. ૨૧ જેમાં પ્રગટા પ્રભુ સાક્ષાત, જારે પુત્રને
પ્રભવો તાત; લીધું નરસીહ રૂપ વીશાલ, કીધો હિરણકશપનો
કાલ. ૨૨ શીશુપાલ તેનો અવતાર, હવે હવે સંભળાવું કરી
વીસ્તાર. ૨૩

પુરવછાયો. સંભળાવું વીસ્તાર તેનો, સાંભળ રાએ સૂજાણ;
મુળ કડા માંડી કહું, તેના વેદ કરે વખાણ ૨૪ —

કડવાં. ૪ વળણ. વેદપુરાણે તે હરીગુણ ઝાઝાજી, જેને
શુણતાં તે થાએ પ્રાજાજી; નારદ બોલા તે ધન ધન રાજાજી. ૨૫
રાગ માલવ. રાજા ધન્ય તારો અવતારરે, મુને વાહલા છે વિશ્વધા
રરે, પુછી પવીત્ર કથાની વાતરે, મારૂં મનડું થયું રળીઆતરે. ૧
શીશુપાલ પરમગતી પામોરે, જરા મરણ તણા ભોવાંમોરે, આગે
રાજાને કૃષ્ણનો દવેખીરે, કેમ શાઉજ પદવી પેખીરે. ૨ તેનો માં
ડીને કહું મરમરે, તમે સાંભળો રાજા ધરમરે, એને આદ અનાદ
હું જાણુંરે, તેનો માંડીને મહીમા વખાણુંરે. ૩ એક સમે શ્રી કમ-
ળ કંથરે; સુખ રાજા પોડા ભગવંતરે, બળ બાહુ તણું થયું
ભારીરે; જુધ કરવાની ઇચ્છા ધારીરે. ૪ એવે સમે શ્રી કમળા રા-
ણીરે, આવા જગદીશ પોહોડા જાણીરે; દુવારે જેવી જેહ તા ભ-
નેરે, તેણુ વાત વીચારી મનેરે. ૫ જાણું માતાને રાખીએ વારિરે,
એમ ઇછા માગું મોરારીરે, જોઇ માતાનું તેજ અપારરે, બોલ્યી
નવ શકા મુખ છડીદારરે. ૬ વિશ્ણુજનનીએ પ્રીછી વાતરે, આ-
ડી નયણ જોતાં ગયાં માતરે, એકા દુરમતિ ન ધટે આંહીરે; જેને
ભીનંતા છે મનમાંહીરે. ૭ મુજ વિસ્ણુ વીવેચે જાણ ભેદરે, એતો
પ્રથવીમાં પડશે વેદરે; એને હરી સાથે થાશે વેરરે, અવતરશે
અસુરને ઘેરરે. ૮ એમ માતાજી મનમાં વીમાંશેરે, પછે આવ્યાં પ્ર-
ભુજીની પાસેરે. જાતાં વેહેત બોલા વનમાળીરે, મુખથી પીતાંબ-
ર મારૂં ટલીરે. ૯ હસી પુછે મોરારીરે આજ વરતિ મે વાત

જાશર; અમુ સાભળ્યા [illegible]
પાંમેરે. ૧૧ જેવુ શરજુ હોય તેવુ થાયેરે, અને પાદસ્વદ
વીમાં જાયરે; તે માન મલે તે કાંઇ ઉપાએરે, વિધી એક ગાથા
[illegible] ૧૨ [illegible] રીત [illegible] જાણીરે, આદ વીષ્ણુને ક્રમ-
[illegible] ૧૩ [illegible] ઉપની,
ની [illegible] પડા પડી આર.
[illegible] ઓચીપર બોલ્યા તે નારદ શારજી,
નક શનતાન આધવ ચારજી; દરશને આવ્યા તે પ્રભુજીને દુવારજી.

ઉથલો. પ્રભુજીને દુવાર આવ્યા, એક સમે મુનીશ્વર [illegible] અ-
મલ વપુ કમલ લોચન, કમલ પુત્ર કુમાર. ૨ ઘનરૂ-

ઢાલ. એક સમે શ્રી સનત કુમારરે, જાંહાં વીષ્ણુ વશે છે;
આવ્યા બ્રમાના સુત ચારરે, જાંહાં વીશ્ણુ વશે છે. ૩ જેનો પં-
ચ વરસનો વેશરે, જાંહાં વીષ્ણુ વશે; જેનો ચઉદ ભુવનમાં પર-
વેશરે. જાહાં વીષ્ણુ વશે. ૪ તેતો ક્રીડા કરે દીનરાતરે. જાંહાં૦
નીત ગાએ ગોવીંદનો ખ્યાતરે. જાંહાં૦ ૫ એહુના મનમાં ઘણો
છે મોદરે. જાંહાં૦ માંહો માહે કરે છે વીનોદરે. જાંહાં૦ ૬ મુખે
ઓચરે ચારે વેદરે, જાંહાં૦ મનમાં નહીં ભેદાભેદરે. જાંહાં૦ થયા
કલપ કહેનાં કઇકાલરે, જાંહાં૦ દીસે પંચવરસના બાલરે. જાંહાં૦
૮ આવે વેગે ધરી વૈકુંઠરે, જાંહાં૦ હરી મુખ જોવા ઉતકંઠરે. જાં-
હાં૦ ૯ ક્રોજ દોડીને આવ્યા દુવારરે જાંહાં૦ હુતા જેવી જે છડીદા
રે. જાંહાં૦ ૧૦ તેણે રોકયા છે રૂશીજનરે; જાંહાં૦ ત્યારે ક્ષોભ
પાંમ્યા મુની મનરે. જાંહાં૦ ૧૧ તેણે દિઠો નહિ દુરમીટરે, જાંહાં૦
કોણે નવ દુભા ફુલને દીઠરે. જાંહાં૦ ૧૨ મન ઉપનું દુઃખ અ-
પારરે; જાંહાં૦ જેહેનો અતિ ઘણો અધીકારરે, જાંહાં૦ ૧૩ જેને
શંકર ન માવે શીશરે, જાંહાં૦ જેહેને આદર દીએ છે ઇશરે.
જાંહાં૦ ૧૪ જેહેને બેશારે અજ ઉછંગરે, જાંહાં૦ જેનું કદિ નહીં
મન ભંગરે. જાંહાં૦ ૧૫ જેનું સદા રેહે છે ચીંતરે. જાંહાં૦ જેનું
મન રહે દિનરાતરે; જાંહાં૦ ૧૬ નીત બોલે પ્રભુજીની ખ્યાતરે,
જાંહાં૦ ૧૭ તેણે પોલીઆના સુણી વેણરે. જાંહાં૦ રીશે રાતાં
થીઆં છે નેણરે. જાંહાં૦ ૧૮ લાગું મુનિ તણે મન દુઃખરે, જાંહાં૦
રૂપી ક્રોધેથી બોલીઆ મુખરે. જાંહાં ૧૯ તેણે શ્રાપ દીધો મુની
ત્યાંહેરે, જાંહાં૦ તમે દુષ્ટ મરે હે શો આંહેરે. જાંહાં૦ ૨૦ એમાં
આચરા બ્રહ્મ કુમારરે, જાંહાં૦ કીધો પોલીઆને તીરસ્કારરે.
જાંહાં૦ ૨૧ પુરવ છાઓ.

પોલીઆને તીરસ્કાર કીધો, રૂશીએ તતખેવ, પણ પુત્ર બ્રમા
તણા, તેને રજોગુણની ટેવ. ૨૨ ઉથલો. રજોગુણની ટેવ
તેન, રાય સાંભલ સરવથા, જેવી જેને શ્રાપ દીધો; હવે તેહેની

... ભુવન જથા થાયે પાવન, ટલે
ક્રોધના તાપ; જયવિજયનો કરો અનુગરેહે, જે સનક કેરે
... ૨ સનકે શીર શ્રાપ દીધો, દ્વાર કેરા દાસ; નેત્ર ભરતા
દુઃખ ધરતા, આવેલા પ્રભુજની પાસ. ૩ નીમીત લેખે નીપનું,
અખિલ જુગદીશ; થાઈ પ્રભુજી દ્વાર આવ્યા, શરવનાં મે શીશ.
૪ પારસ્વદ વલતુ બોલીઆ, તમે સાંભલો માહારાજ; આવ્યા
અમને શંકરજીએ, શ્રાપ દિધો આજ. ૫ વિપ્રને અમે વારિઆ,
તેમ આશાનાને અરથ; વારૂં કેહેતાં થયું વશમું, ઉપનું અનરથ.
૬ અમે શરાપે પરજલુને, દુખ પામે દેહ; સ્વામી તમે કરૂણા
કરો, તાપ નીવારો તેહ. ૭ સ્તુતી કરીને હરિ જણાવે, આંગલી-
એ લીએ દંત; શરાપ કેરે તાપથી, ઉગારીએ ભગવંત. ૮ પુરવે
તપજપ ધ્યાન માંહે, નાથ રાખી નુન્ય; તે પુંને પ્રથવી પડું,
અવતારાઓ છે પુંન્ય. ૯ વઈકુંઠમાં જે આવીઆ, તે જીવ બીજે
ધામ; જાય નહી પાછો કદા, કંઇએ ન લોપે કાંમ. ૧૦ શરણુ આ
એવા તણો મહિમા, થયો અશરણા ચરણે; જનમનું જોખમ ટલે,
આથે મલે નહી મરણ. ૧૧ પરમપદ છે પ્રાણીને, વૈકુંઠ કેરો વાસ;
જાંહાં અજરામરપણું, નીશચે પાંમે નાશ. ૧૨ તો અમે કેમ
પડું પ્રથવી, કોહો કમલાનાથ; વૈકુઠવાસી શરણ સેવક, શીર
તમારો હાથ. ૧૩ અવીનાશ કેરે આશરેથી, દુર જાતાં દેવ; નેત્ર-
માંથી જલ ઝરે, જેમ મેઘ મસ્તકનેવ ૧૪ માહારાજની ઈછા વના,
એ નીપજે કેમ કામ; અનુગ્રહ એવું કરો જે, શીઘ્ર આવું ઠામ.
૧૫ અધક્ષણે અલગા માં રેજો, રૂદેથી શ્રી રણછોડ; એજ માગું
તમ કને, સ્વામી તે એહુ કરજોડ. ૧૬ જાહાં વશુ તિહાં રાત
દીવશ, ચંતમાં રેહે ચંત; બીજું અવર માગુ નહીં, બ્રમાંડમાં
ભગવંત. ૧૭ વલતા તે વિશ્ણુ બોલીઆ, તમ મત ધરો ચંતાએ,
કરશે અનુગ્રહ તમ તણું, જારે સનક થાશે સાદે. ૧૮ પુરવ છાયો.
સનક થાશે સાહેરે, શ્રી વિશ્ણુ વાણી વદે. નિમીત લેખે નિપનું,
ઉચાટમાં ધરશો રૂદે. ૧૯ પારસ્વદ શુ બોલીઆ, પરીભ્રમ એ-
ણીપેર વાંણુ; પછે આદર દીએ રૂશીને, સ્વએ શારંગપાંણ ૨૦
ઉથલો સ્વએ શારંગપાંણરે, આદર દીયો અતી ઘણો: નારદ-
મુની કેહે શુણો રાજા, કહું મહિમા તેહ તણો. ૨૧

કડવાં ૭ મહીમા સાંભલ રાજા શ્રવણે ધરિ, સંભલાવુ
બોલ્યા જે દેવ હરી. ૧ આવા સનક કુમાર જે બાલ રૂશી, જેના
વદનમાં શારદા શેસ મુખી. ૨ દીઠા કમલાવરે રૂશી ક્રોધ ભરા,
સ્તુતી કીધી શ્રીવરે હાથ ધરા. ૩ રૂશી આવો પધારો બીરાજો
સુખે, મારૂં મન પાંમે તમારે દુખે. ૪ એવું કોણ જે દુભી શકે
તમને; જેણે તમને દુભવ્યા તે દુભવ્યા અમને. ૫ મુને વીપ્ર

શરવશ વીપ્ર હું જાણું છું, ... ૮
મેતો વીપ્ર પ્રસાદે ધરણી ધરિ, મારિ વીપ્ર પ્રસાદે માયા ૫
૯ મેતો લક્ષ્મી વિપ્ર પ્રસાદે વરી, મેતો વીપ્ર પ્રસાદે ?
કરી ૧૦ જય વીપ્ર પ્રસાદથી માહારે સદા, ભુય વીપ્ર પ્રસાદે
લાગે ... ૧૧ ... લીલા માહારે આદ થકી તેતો વી
આશીરવાદ થકી. ૧૨ દ્વીજ વિપ્ર ... જપ તપ સાધે. મુજ ...
ત્રના દેવતે મુને આપે. ૧૩ એમ કામ દુરધા વશ ... પર, ...
એ મુને રાખીઓ એણી પેર, ૧૪ નિત્ય શીતલ જલે સ્નાન કરે
શુચીભુત થઇ માહારૂં ધ્યાન ધરે. ૧૫ જપ તપ કીયા ... દેહ
દમે, પંચ અક્ષ-હોમી હવીશાન જમે. ૧૬ દેવ પીત્રી ત્રીલોક ત્ર-
પત કરે, શાલંગરામ શોલા શીર તુલશી ધરે. ૧૭ તારે ઇંદ્ર પ્ર-
સનતા મન પામે, પ્રથવી પર મેઘનું નીર નામે. ૧૮ થાએ અઉ
શધી અન અપર તેથી પામે ત્રપત ઘણું સંસાર એથી. ૧૯ એમ
શ્રષ્ટી સદા ઉતપન થાએ; કરે વીપ્ર કીયા દુખ વીશવ જાએ.
૨૦ તેણે વીપ્ર વાહાલા મુને પ્રાણ થકી, તેં તો પ્રીછજો વીષ્ણુ
પુરાણ થકી. ૨૧ ઘણું વીપ્ર વાહાલા મુને મન માંહે; જેને જગ-
નેત જગત ત્રપત થાએ ૨૨ ત્રૈલોકના સ્થંભ તે વીપ્ર જાણું કેટલો
ક મહીમા હું મન આણું. ૨૩ નહીં ભીનતા વીપ્રને વિષ્ણુ વીખે.
કોઇ જાણતો મુજથે રૂપ રખે. ૨૪ જુગ માંહે જે દવેશ કરી દ્વી-
જનો, તેતો વેરી થાએ બાલા મુજનો. ૨૫ એમ વીશ્ણુ બોલા
જારે વીપ્ર ભણી, તારે સ્તુતી કરેછે કુમાર ઘણી. ૨૬ કરજોડીને
શીશ નમાવી રહ્યા, ગુણ સ્વામી તમારા ન જાએ કહ્યા. ૨૭ મુખ
વાંણી બોલે ગદ ગદ ગીરા, મુની ક્ષોભ પાંમ્યા મન માંહે ખરા.
૨૮ અમે પછમ બુધીઆ વીપ્ર કહાતું, ક્ષણુંમાં ગુણરાશી મન
લાવું. ૨૯ તમ શેવકને અમે શ્રાપ દીધો, રમાનાથ ક્ષમા કરી
તેજ લીધો. ૩૦ તે માટે માહારાજ અમે આજ માગું કરજોડી
કૃપાનાથ પાએ લાગું. ૩૧ અભીલાખ થીઓ ગુણ કીરતી ગાવા,
ગુણ આપજો ચંદ પ્રબંધ થાવા. પુરવછાઓ પરીબ્રહ્મ પશાએ
કરી, જશ વરણવું જુગદીશ, અકળ લીલા ઓચરૂં, ચરણે નમાવું
શીશ. ૩૩ એમ સુત બ્રહ્મા તણા, વરશ પંચને અનુમાન, ભગ-
તીમાગું ભગત વછલ, ભુવનપતી ભગવાન. ૩૪

કડવાં ૮ વલણ. વલતા બોલ્યા તે નારદ વાણીજી, સાંભળ રા- ૮
જા તે ચતુર સુજાણજી, સ્તુતી કરે છે ગત્ય ગીરી વાંણીજી. ૧ ઉચરો
સ્તુતી કરે મુની સનક મનોહર, શારદ સુંદર વાણ. વેદો ...
... પદ, અગોચર ગીત ગત્ય ગીરી વાણ, ૨ સનક સનકાદીક
સ્તવે, જે ... નમો ... પુરણાનંદ માધવ, ...
... વાસારે. ૧ જગત ... કૃષ્ણ કેશવ ... જન ...

..., ગાવાલીઆ... ચક્રર૯
આજ. ૨૩ પાંડુ શુતની પક્ષ રાખી, છલવછની
મોબાલ નાંખી; હરી લીધી રૂકમણી. ૨૪ તેણે તુજ
ણ હું નમું નહીં નરપતી, આ ભુપ સઘલા છે સ
હેછ તુજથી અતિ. ૨૫ હું બીહું નહી તુજ થકી, ત
બાલો નથી. ...જ જોઈ હીંડે છે નાસતો, કહુ તે તણી
ણી કથી. ૨૬

કડવાં ૩ ાા વલણ ાા એણી પેર કોપે તે મન શીશુપાલજી દેવા માંડી તે પ્રભુજી ને ગાલજી; કપટી કહીને બોલો આલજી. ાારાગ મારૂણી ાા હેલા કૃષ્ણ તું જન મનો કપટી, તુને ચતુરાં વજાડે ચપટી; તારૂં બલીઆપણુ મેં તો જાણું, જેને સાધુએ શબલ વખાણું. ૧ આવો માત પીતાથી તું નાશી, પય પીતાં મારી તેં માશી; વન વંદની ધેનુ ચરાવી, ગાઉ દોહીને ચોરે બોલાવી. ૨ કાંધે દુધની કાવડ લીધી, ચોરી છાશ ગોવાલાની પીધી; માથે મુગટ ધરે મોર પીંછ, રાખી તનઆ તે ઘરમાં રીંછ. ૩ ગલે માલ ગુંજાની ઘાલી, વનમાલી ત્રણું તુને વાલી; તારે અબલાનોરે આશંગ, નોએ પુરૂષ શમાગમ રંગ. ૪ રચી રાશ નારીમાં નાચો, વલી જુવંતીને જઈ જાચો, કાંઇ કામણ મોહનાં જાણે, તેણે ૧વ. ધમાં તુજને વખાણે. ૫ નાઠો કાલ જવનને ત્રાશે, ઉગરો ગએ મુજકુંદ પાશે; તુને વીશરે જે ફરતો વનમાં, હવે મોટપઅણ ચમનમાં. ૬ રાબ છાશ આહેરમાં જમતો, કાંધે લાકડી વનમાં ભમતો,તુને તે વાત વીશરિ ભાઇ, હવે મલવા લાગીરે મીઠાઇ. ૭ પેલાં રાખતો ધાબલી કાંધે, થયો બલીયો પીતાંબર બાંધે. મારા અગ બગ વનની વાટે, રોકી જુવંતી જમનાં ઘાટે, ૮ ગીરીવર ગોપ મલીને ઉપાડો, જલમાંથી કાલીનકાડો એવા ગારૂડીકે કે ની હાલા, ઝાલી શરપને પેખવા પાલા. ૯ વલી મારો વછાસુર મલ. કાડાં દંતી દંતોશલ, ખાઇ માખણને થયો માતો, તેણું હીંડે છે ફાબલ ફુલાતો. ૧૦ મારિ કંશને સબલ કમાણો, મામો મારી થીઓ ર પરાણો, એવો ગરવ ધરે શાને માટે, તુને કોણે બેસાડયોરે પાટે. ૧૧ મોટા રાજા જે દેશ વરીતા, કહા ચક્રવતીને ઝીતા. રાએ ન થવા એ લક્ષ્મી લાધે, બલ પામે વડાઇ નવ વાધે. ૧૨ એવી શોહો ગાલો સંભલાવી, પછે પ્રભુજીએ ભ્રગુટી ચડાવી, રીશે રાતાં થીયાં છે નેણ, કૃષ્ણે સાંભલાં વશમાં વેણ. ૧૩ નાંખું ચક્ર કોપા અવી નાશી, છેદ્દુ મસ્તક થયો નિરાશી, આવું ચૈતન તનથી જે બા-

શું આખ્યાન; જેહેને શુણે શચીત દુઃખ ટલ, પુ-
નાતીક બલે. ૨ ગંગાદિક તીરથનું સનાન, તે પુન્ય
તાં દાન, પાપી જન તન પાવન થાએ, શદ એહે
ઉપાએ. ૩ જેમ જાતે પાવકની પાશ; શદ શીત-
તાએ નાશ; જેમ રજની દીનકરથી દળ. તેમ પ્રાનીક હરી
વરતા ઉર. ૪ હરી ગુણનો મોહોટો મહીમાએ, ભાગ્યવીના પ્રા-
પ્ત નવ થાએ; તે માટે નીશ્ચે મન કરિ; સાંભલજો ગુણ શ્રી નરહ-
રી. ૫ એક સમે પાંડુ સુત ધરમ, માંડયો રાજસી જગનનું કરમ;
જેને શ્રી કૃષ્ણની કીરપાએ, મારી જરાશંધ મેલાવા રાએ. ૬ તેડી
લાવ્યા પોતાને ઘેર; આદરભાવ દિધો ભલી પેર, વલતું વચન
બોલ્યા શ્રી કૃષ્ણ; પાંડવ તમને કહુંછું પ્રશ્ન. ૭ વેગે કરો રાજ ર-
શોધનું કાજ, શરવે ભુપતી તમે જીત્યા આજ; તેડી પંડીત નરપ-
મંડપ કરો, ઘણો હુત દરવ વાવરો. ૮ ધરમ કેહે ચીંત તમને
નમું, થાય કારજ તે તમને ગમું; શ્રી કરણજીનું જાણું હેત, માંડો
જગન રાજા કેતાં વેત. ૯ તેડાવો દેસો દેશનાં ધિશ, જેને મુગટ
મંડીત મણી શીશ; રાજસભા મલી શબલી શરવ, કોઇ અભી-
માની કોઇને નહિ ગરવ. ૧૦ રાજા જુધીષ્ટર જોડી હાથ, પ્રારથ-
ના કીધિ શરવ સાથ; વેદ વ્યાસ રૂશી તે હતા પાસ, પુછી વાત
ધરિ વીશવાશ ૧૧ કહો તેને પ્રથમ કરૂં અરઘપાદ, ભુપતી કોએ
ન કરે વાત; બાદરાઅણ મુખ બોલ્યા વાણ, પેહેલાં પુજો શારં-
ગપાણ. ૧૨ ધરમે વચન શીરપર ગ્રહ્યું, વાહાલું ને વલી વેદે કહ્યું
વીઘો હરખે મન ફુલારાએ, પ્રભુ પુજાની શામગરી થાએ. ૧૩
કનક પાટ ઢાલા તતકાલ, પ્રેમે પધરાવા શ્રીગોપાલ; કેશર ચંદન
પુષ્પ અનોપ; અગરતણા ઉવેખા ધુપ. ૧૪ કીધ આરતી અગર
કપુર, વાજે વાજીંત્ર દેવ દુંદુભીતુર: બ્રામણ સ્તુતિ ભણે શરવે
શાર, જેએ જેએ શબ્દ વંચે શંશાર. ૧૫ એહેવું દેખી ડાહોલ
દેશ પતિ, થયો મન ક્રોધાતુર અતી; બોલો મંદમતિ ધન ધન
ધરમ, શી બુધીયે માંડં જગનનું કરમ. ૧૬ ધન ધન રાજા એક-
ઠા આંહી મલા, કષ્ણ આગલ શહુના ગરવગલા; ધીક જીવું જા-
ણો સંસાર, જેણે પ્રથમ પુજો પીંડાર. ૧૭ જુધીષ્ટરની જોજો ગઇ
મત, રાજા પેહેલો પુજો પશુપત; એવું કહી વલી બોલો પ્રભુ ભ-
ણી, કષ્ણ વડાઈ નવ કીજો ઘણી. ૧૮ જાણું છહું તાહારાં સઘલાં
કરમ, શંભલાવું તેહેનો શહુને મરમ. ૧૯ પુરવ છાઓ; મરમ શું

[illegible] જુવર. ૧૭ રૂદ્રતણી છે મહાશવેલા, મન
જટા ધરિરે, તેમાંથી ઉતપાતજ થાશે, નીશ્ચે તે નીરધા
રરે. ૧૮ સમજાવી સમજે નહી સુંદરી, ચડ્યું અંગ અભીમાનરે,
પછી રૂશીજી પરવશ થઇને, આપ્યું પુત્રનું દાનરે. ૧૯ પુરવછાએો
આપ્યું પુત્રનું દાનરે, અદ્લાઃ મન હરખી ઘણું, શીઆઃ પુત્ર બે તે
હને; કહું સાંભળ આકમ તે તણું ૨૦ જે દહડાના એોદર અવતરા,
બે વજે બે વીર; તે દાહાડાનું મેઘ મહિપર, પુરૂં ન મુકે નીર. ૨૧
ક્ષીરમાંથી ભાંભરે, અરધ નીશાએ ધેન; સ્વાન મુખ ઉંચે રૂવે
એમ થાએ છે ઉપચેન. ૨૨ ઘણુ ઘણે ધરણી એક વાએક, પડે
માગી ભાંડ; શાઇલવા બોમ ગાજે, ખલભલે બ્રહ્માંડ ૨૩ વૃક્ષ શુ
કે કાનફુકે; ઘણુ ઘણે ધન શુન, રૂધીર વરશે શુપ શરખે, રહ્યાં મા-
જન મુન. ૨૪ મધ્ય રાતે વાયસ બોલે, કરે કાગારોલ; પ્રાતુશકાલે
શ્વાન બોલે, હોય હાહા કલોલ. ૨૫ અકાલે વરસાદ વરશે, ચડી
આકાશ માત; પડે ચક જાવો મથી, એમ થાએ ઉલકા પાત. ૨૬
એોદર માંહે આવીઆ, લઇ વિષ્ણુ સાથે વેર; એણિપેર અવનિ વિખે
થાય આગમથી એણીપેર. ૨૭ દીતા મનમાં મોદ વાધો, પતીએ
પુરી આશ; સદા શીવને લોપીઆ તે, કોપીઆ અવીનાશ. ૨૮
કડવા ૧૦ રાગ ધનાશ્રી. દીતી ઝીતી ફુલ પુત્રનું સ્વામી, પામી પ-
રમ આનંદ નારી; દાડે દાડે ચડતી કલા કામની, મુખ પુનમનો
ચંદ નારી. ૧ નેત્રવીશાલને વાંકી ભમે, કોઇ પરણી ન આવે પા
શ નારી; મુખ જુવે તે બીહે મનમાં તેમ પમાડે ત્રાસ નારી. ૨
જોરે ઝળુકે લલાટાનો લાવણ, દામની કોર કપોલ નારી; અંગ
વધ્યો ઉચરંગ ઘણેરો, તન દીસતિ ઝાકઝમ ઝોલ નારી. ૩ ગેહર
મનમાં ઘણો ધરે માનની, બોલે ભલભરા બોલ નારી; ત્રણ ભુવ-
નમાં કોઇ નવ દેખે પોતાને સમતોલ નારી. ૪ ધરમની વાતમાં
દ્વેશ કરે, નહિ ભુધરજી પરભાવ નારી, જુની પ્રક્રતી ટલી ગઇ
કાંમની, નવો થયો છે વિચાર નારી. ૫ શાશરિયામાં સહુને વઢે,
વઢ લીએ તે ન મલે વાત નારિ; જેમ ઘણો ઘરમાંહે જગાડે, રી-
શ કરે દીન રાત નારી. ૬ અદીતીની અણખ કરે, તે ઉપર આ-
ણે રોશ નારી; ભુષણ વસ્ત્ર નવાં નવાં જોએ, રાખે નહિ સંતોષ
નારી. ૭ સનમુખ કોઇ નીહાલી શકે નહી, તેવું થયું છે સ્વરૂપ
નારિ; બોલાવે તે બીહે મનમાં, જાણે હમણાં કરશે કોપ નારી.
૮ ગત્ય ધરે ગજ ગામની કામની, આવે આંગણા બાહાર
નારિ, ચરણે ચાલતા ધરણી હાલે; શીર શેશ ન ઝાલે ભાર નારી
૯ એમ કરતાં ખટ માસજ થીઆ, સાતમે સંકટ થાએ નારી;
એોદરમાં ઉતપાતજ માંડો, અતી ઘણું અકલાય નારી. ૧૦ દાહેલા
દીન પુરા કરો કામની, રહે રહુ નવ જાએ નારી; માંડ કરી દીન
રાતજ કાડે, પણ પુરૂં અન ન ખાએ નારી. ૧૧ જોશી જાણે દા-

ભલાવં, ગરભ પીડા જયા જાય નારી. ૧૨ ----- -
રતા, શંભળાવે રૂશીજન નારી. પંડીત પુરોહિત રક્ષા બ
કરાવે હુવન નારી. ૧૩ એમ કરી દુઃખમાં દીન નીરગમાં, પુરા
થીઆ દશ માશ નારી. તેવે સમે [illegible] આવ્યા, કીધી વાત
પ્રકાશ નારી ૧૪ દુખ વધુને બહુ દુઃખદાયક, ઉપતા ઉગ્ર અસુર
નારી; ત્રણ ભુવનને ચાક મચાવશે, [illegible] ક્રુર નારિ. ૧૫
પીડશે પુત્ર પ્રજા સઘલીને, આદરશે બહુ પાપ નારી; જે વજેનો
અવતાર થયો છે, સનક રૂચીને શ્રાપ નારી ૧૬ એવું સુણી અબ
લા બે લાગો, ભાગો તે મનનો હરખ નારી; ગરભ વીશે સુત
રાખી રહી છે, સંકટ થી શતવરષ નારી: ૧૭ જાણે રખે સુત જ
નમ ધેરે તો, પૃથવી પીડા થાએ નારી; મેહની દુઃખ મનમાં
જાણી, પ્રસવે નહીં જુગ માંહે નારી. ૧૮ સુંદરી સંકટ ભો-
ગવે ભારી, તે વાત જાણી ત્રીપુરારનારી, વેશ ધરી અવધુત કરો,
શંક [illegible] હવાર નારી. ૧૯ ચરણે લાગી ચતુરાં પરી ભરમને,
આહુડવ [illegible] નારી. ગરભ હવે પ્રસવ સતી શીઘ્રણી, વ
ર આપું તે જાણે નારી. ૨૦ વિષ્ણુ તણા એ વેરી થાશે, જીતશે
બાહુ જગ નારી; બહુ એમ ઘેર પુત્ર રૂપે, અવતરશે એક ભગત
નારી. ૨૧ એમ કહી તતકાલ ગિયા ઉમયાવર અદ્રશ્ય; નારી મા
નુનીએ [illegible] ચીચાણું, [illegible] સારો શકુન્ટ નારી. ૨૨ દીતીએ
પછે [illegible] પ્રસવ્યા, બેલડીએ બેહુ બાલ નારી; રૂપ ભયંકર ઉગ્રમાં
હાં બલ, [illegible] ક્રુર નારી. ૨૩ ચાલે હોલ નીશાનને ડું-
દુભી, નાદ [illegible] નીર [illegible] નારી [illegible] બારણ જુથ બંદિ જ-
ન. [illegible] ૨૪ દીસતી કંચન જેવી કાયા, પ્રત
નીહાલે આપ નારિ, વાહાલા કરી બોલાવે બેન, આહા બલીઆ
વીખ્યાત નારિ હરખ ધરી લાડ લડાવે, જાલવે જીવની પેર ના-
રી. [illegible] ઉધાં ઝુલા કુંવર, મોકલે નહી પરઘેર નારી. ૨૬
એમ કરતાં એક સંવચ્છર, પુત્ર રહ્યા વશ બાત નારી; પછે આંગણા
બાહાર ફરે, તે આહા બલીઆ વીખ્યાત નારી. ૨૭
પુરવછાંયો. આહા બલીઆ વીખ્યાતરે, બાલક બે ઉતપન
થીઆ; [illegible] માને નહી, તેણે અધરમી અસુર કહ્યા. ૨૮ હિ-
તિ ઓદર અવતરા, તેણે કેહેવાણ દઈત, અચ્યુત શું અણચીંત
પણું; નહી પ્રભુજીપર પ્રીત. ૨૯
ઉથલો નહી પ્રભુપર પ્રીતરે, નારદમુની વાણી વદે
બલીઆ બાંધવ ઉપના; તે વાત કહું ધરજો રૂદે ૩૦ કડવાં. ૧
વલણ. વલી વલી બોલા તે નારદ વાણીજી, સાંભલ રાજા તે ચ
તુર સુજાણજી; દાનવ પ્રગટા તે માહાં જો રાણજી. ૧ ઉથલો જો
રાવર જુગ માંહે પ્રગટા, કરે અસુર ઉનમાદ; બલીઆ બાંધવ
થીઆ, સુર સાથ કીધો વાદ. ૨

ત્રિગુણ. તીત ત્રીગુણાકારરે, ૩ નિરંજન ભવ ત્રાસ ભં-
જન, દુષ્ટ ગંજન દઇવરે, ભગત વછલ પદ અવીચલ, કુશલ કરૂ-
ણા દેવરે. ૪ સતક સાયક વીશ્વનાયક અકલ વાયક વેદરે, ગુણ
સ્તવે મુખ ચારથી, બ્રહ્મા ન જાણે ભેદરે. ૫ ગરૂડગામી જગત
સ્વામી, અલખનામી આદરે, ત્રૈલોક વાશી રૂપરાશી, પ્રકાશી જગ
[illegible]. ૬ વરણ મેઘલ શ્યામ સુંદર, પીત પટ પરીધાનરે, કંઠ
[illegible] ઝળહલે, રવી કોટ સુરજ સમાનરે. ૭ રતન સ્ફાટીક જ-
ડીત [illegible], મુગટ કુંડલા કાનરે, વદન કોટી મદન શોભા, ધરણ
શ્રી ભગવાનરે. ૮ ચતુરભુજ ગજ શુંઢ સરખા, દીશે શોભીત શ્રી
કારરે, બેરખા મણી કનક વેલીઆ, ચુનીના ઝલકારરે. ૯ ઉર વિ-
શે શ્રી વછ લંછન કમળ નામ મોરાર રે; મધ્ય ધમકે ગોફિણ,
નેપુર ચરણ જયકારરે. ૧૦ કરણ કમલ સંગ કેશવ, લલીત લીલા
વીલાશરે, નીગમ અગોચર ગુણ ગોવીંદ, જગતના તમે ઇશરે. ૧૧
તમે માતા તમે પીતા, માહા વર તમે ભગની ભ્રાતરે. તમે કુલ
ગોત્રજ ગુરૂ, શરવ શતમે શાક્ષાતરે. ૧૨ તમ થકી બ્રહ્મા એકાદશ
રૂદ્રને રૂશી જનરે; સ્વરગ મૃત્યુ પાતાલ પણ, તમ થકી થીઆ
ઉતપનરે. ૧૩ તમ થકી આ વીશ્વ બાધું, ભુવન ચઉદ પરીયકરે;
વરણ બાવન વીસ્તરા, અધીકો નથી કોઇ અંકરે. ૧૪ વરણ ત્રેપ-
નમો તમે, બાવનથી જે બારરે; પચાશને બે પરવરા, તે તમો આ-
ધારરે. ૧૫ પામશે જે પ્રભુ તમને, વામશે દુખ દેહરે; આભથી
અળી ન જાશે મુલ મારગ એહચે. ૧૬ તેજ માટે નાથજી, અમે
માગું નીરધારરે; ચરણ શરણે રહું સદા આપો એવો અંગીકાર-
રે. ૧૭ અમે તમથી ઉપના, આ જગત ભેલાં જતરે; અજાણે
અપરાધ કીધો, ભુલ પડી ભગવંતરે. ૧૮ પારશ્વદને અમે પાડી-
આ, શ્રાપ દીધો શીશરે; હવે તેનું જે કહો તે, કીજીએ જુગદી-
શરે. ૧૯ ઇછાએ અહીં રચો, જુઠા કરો કાંઇ ભાતરે; શ્રીને સુજે
નહી, વિષ્ણુ તમારિ વાતરે. ૨૦ શુરા શુર સરજી તમો, જુગતે તે
કહાવો જુધરે; જગદીશ કીધી જુજવી, જોતાં તે બેહુની બુધરે.
૨૧ અમને રૂશા કીધા તમે, જપ તપ કરવા કાજરે; અધીકાર આ
પો અર્તા ઘણો, મુલ થકી માહારાજરે. ૨૨ વાયક શીધી અટલ
આપી, તે તમે નીરવાણરે; વીપ્ર વાઅક નવ ફરે, તમ પ્રતાપે પ્ર-
માણરે. ૨૩ શરાપ આશીરવાદ કેરા, વીપ્ર બોલે વેણરે; જે ઉપર
ઇછા તમારી, જેવી પંકજનેણરે. ૨૪ એવાં વાએક વીપ્રના, તે સાં-
ભલાં શ્રીનાથરે; રૂશી પ્રતે બોલીઆ મનમાં થયા રલીઆતરે. ૨૫
માહારાજ માગું તમ કને, કરૂણા કરો મન માંહેરે; જય વીજયનો
કરો અનુગ્રહ, જે શીઘ્ર આવે ઠાંમરે. ૨૬ વલતા તે વાડવ બોલી-
આ, તમે સાંભલો શ્રીપતરે; ભગતિ ભાવે અહીં આવે, સાત જ-

ઓલીઆ, મસ્તક નામી ચરણુરે; વેર ભાવે એમ ભજ:
આપ્યું શરણુરે. ૨૯ પુરવ ભાખ્યો શીશ થઇ [illegible] શરણુ, એમ
વશાવશું જઇ વેરરે; એમ કહી અવતાર લીધો [illegible] ધરીને પેરરે.
૩૦ હવે તેની કહું કથા, તે સાંભળો [illegible] જન્મ
[illegible] ઉતપત્ય છે.
[illegible] તે મુની વર [illegible]
હ રાજા તે પ્રભુજીની ગત્યજી, દેવે કીધા તે દેત્ય ઉતપત્યજી. ૧
ઉથલો દધવે કીધો દધત ઉતપત્ય, જુધ કરવાને કાજ; [illegible]
અવતાર લેવા, મન ધર માહારાજ. ૨ કશ્યપને ઘેર કુંવર પ્રગટ્યા,
દિતી સુત દુરબુધ, શમે વનાની સંતની, શુર સાથ કીધું જુધ. ૩

રાગ ચોપાઇ. એક સમે રૂશી કશ્યપ પોતે, તે તો બ્રહ્માના પુત્રરે, જેને ઇંદ્ર રવિ સુત મારૂત, મોટું ઘણું ઘર સુત્રરે. ૧ ધરમ કરમ પાલે પરીપુરણ, ચુકે નહી કોઇ કાલરે, શીશ જટા પંચ કેશવ ધારી, પ્રજા તણા પ્રતીપાલરે. ૨ ધરમધોરંધર દેવ દયાનીજ, જ્ઞાનપણે ગંભીરરે, સ્નાન સંધ્યા ખટ કરમ ઉપાશી ધ્યાન ધરે મન ધીરરે. ૩ અંગ સદાશુ ભુત રહે. સત્ય વાકય પ રેમ પવીત્રરે; પ્રેમેશું પુરણ બ્રહ્મને પરણુવે, વરણુવેવેદ ચરીત્રરે. ૪ વેદ પુજનને જગન જે જેતગ, મંત્ર ભણે સ્તુતી શ્તોત્રરે; પાવક કુંડ પ્રદિપ્ત કરીને, હોમે અગ્ની હોત્રરે, ૫ દવાદશ નાર તેના ઘરમાંહે, કામની માહા કુલવંતરે; એકથી ઉપજે દુષ્ટને દુસ્તર, એ કથી ઉપજે શુધરે, ૬ તે થકી અષ્ટી શુરાસુર ઉપની, નીપના રૂપ રૂપ અનંતરે, ૭ રાક્ષસ જક્ષ પીશાચ પનંગ. વાઘ વારાહને વઇતાલરે ;. મેઘ મારૂતને ભયંકર, ચેટકને માંડાલ રે. ૮ દવાદશ કામની કશ્યપ કેરી જોગ માયાનુ જુથરે, એકથી ઉપજે દુષ્ટને દુસ્તર; એકથી ઉપજે શુધરે. ૯ તે માટે કહું સાંભળ રાજા, વિસ્તારીને વાતરે, એક સમે રૂશી કશ્યપ પોતે, શાંઝ સમે વીખ્યાતરે. ૧૦ પાવડીએ ચડી દવાર પધાર્યા, મરજન કરવા કાજરે, દીતીએ તીહાં સ્વામી નિહાલ્યા; આવી માગુ હાહારાજરે. ૧૧ પુત્રનું દાન આપો મુને સ્વામી, ઇછા ઉપની આજરે તે માટે તમને આવેલા, કહું છઉં લોપી લાજરે. ૧૨ એહેવું સુણીને કશ્યપ બોલ્યા, સાંભળ નિરલજ નારરે; શમે વના નવ માગીએ સુખે, મનમાં વાત વીચારરે. ૧૩ સમે સંઝા પણ થાવા આવ્યો, અગ્નીહોત્રમાં દેવો છે હોમરે, થાય અસુર જો આથમે સુરજ, આવજે ઉગમતે સોમરે. ૧૪ એવું સુણીને સુંદરી બોલી, સાંભળો સ્વાગી વાતરે, પ્રાણ પાકુ હકીકત કીધાવણ; નાથ ન પરે રાતરે. ૧૫ તે સાંભલી મુની કશ્યપ બોલ્યા, તું કામની કલાનુ મુલરે, શા માટે ઉપજાવ સુંદરી, પેટ • વરોલીને શુલરે, ૧૬ ઉપ-

રાગ સારંગ કશ્યપને ઘેર અવતરા તે કરૂર રૂપે કુમારરે, અત્યંત બહુ ૧ હીરણાક્ષ અને હીરણકશ્યપ, નામ પાડાં નીરધારરે. બલવંત બહુ. ૨ આવી કીડે આગણે, વરક્ષ એકને અનુમાનરે બલ. સાહી લીએ ગગનમાંથી, શુરજી સહીત વેમાનરે. બલ. ૩ ઉડી વલગે આભને, તારાને પમાંડે ત્રાશરે. બલ. ચંદ્રમાને કર ધરે, ને કરે ઉચા આકાશરે. બલ. ૪ રીખતા દીગપાલ ડોલે, પાડ પરવત શ્રંગરે. બલ. ભોમ ઉપર ભાર લાગે, ખલભલે નવ ખંડરે. બલ. ૫ બાલપણામાં બલ એવુ જે મહી મેલે માણરે. બલ. તેવા દાનવથી આ પ્રોઢા, થરથરે બ્રમાંડરે. બલ ૬ પાતાલ માંહે પરવરે, દાનવ વધારે દવેશરે. બલ. પુંછ તાણે પનંગનું, સુતો જગાડે શેશરે. બલ. ૭ વરૂણ શું વઢવામાં, ઉડાડે જલ અઘોરરે. બલ. નીર કેરા નાથ પાશે, અસુર માગે ભોગરે. બલ. ૮ અમર સાથે આથડેને કરે શબલો ક્રોધરે. બલ. જગનમાંહે ભાગ માગે, શીખવે પ્રબોધરે, બલ. ૯ કરે અદાવત ઇંદ્રની સાથે, સુરશું રાખે વેરરે, બલ. ચૌદ ભુવનમાં ગદા ગ્રહ ને, ફેરવે ચારે મેરરે. બલ. ૧૦ કોપવાન કુબેરશું થઇને, રત્ન માગે રોકરે. બલ વાજ આણ્યું વીશ્વ બાધું, ત્રાહે ત્રાહે ત્રેલોકરે. બલ. ૧૧ દીગપાલ કેરા ગજ કેરા, જઇ દંત તાણે શાઅરે. સલ. શુંઢે શાહીને ફેરવે, વારી ન શકે કોઅરે. બલ. ૧૨ કરે ક્રીડા સીંધુ માહે, રમે લાતો લાતરે, બલ. શાત શાગર ભેલાવે ભેગા, ઉલલે ઉતપાતરે બલ. ૧૩ રૂશી સાથે રાડ રાખે, દુરમતી માંહા દુસ્ટરે. બલ. વાધીઆ બ્રમાંડ સુધી, થીઆ પ્રૌઢ પુશટરે, બલ. ૧૪ અચલ મોટા કરે ઉંચા, ચાલવે શો ખુંણરે. બલ. આકાશ ચાટે જીભશું, જેમ વૃક્ષને વલગે ઉંટરે. બલ. ૧૫ ભય ધરે નહી મન વીખે, અલવે વખાંણે આપરે. બલ. પુંનનો મારગ પરહરીને પંડે આચરે પાપરે બલ. ૧૬ નારદ મુની સંધ્યા કરે, એક સમે ગંગા તીરરે, બલ. દઇત હીરણ્યકશ્યપ તીહાં, ઉભો રહો છે વીરરે. બલ. ૧૭ નીર નાંખે છે રૂશી શામું, હશે સુખથી મંદરે. બલ. તારે નારદ બોલીઆ, તુને મારશે ગોવીંદરે. બલ. ૧૮ પછે દાનવ કહે રૂશીજી, કોણ છે એ ભુપરે. બલ. એને મારૂં કાં હું મરૂં તે દાખવાની રૂપરે. બલ. ૧૯ તારે નારદ બોલીઆ, એ છે દેવનો દેવરે. બલ, પીડા કરીશ જો અમરને, તો આવી મલે તતખેવરે. બલ. ૨૦ ત્રણ ભુવનનો ભુપ કહાવે, સરવનો સ્વામીનરે. બલ. શુરા બ્રહ્માંડ માંહે, એ જેવો નહી અન્યરે. બલ. ૨૧ એવું શુણીને કોપીઓ, દઇત થયો ક્રેધા ક્રાંતરે. બલી. ૨૨

પુરવછાઓ. હું કરૂં કલપાંતરે, હેત મન ક્રોધે ભરો તે તણો વીસતારરે, શ્રી વારાહ પુરાણે વીશતરે. ૨૩ વલી તેની છે કથા. શ્રી ભાગવતમોઝાર. સંક્ષેપ ત્રાત્રે કહી વ્યાસે, પરીક્ષતને સાર. ૨૪ રાએ સાંભલ સત્યવાદી તે તણું આખ્યાન, હીરણાક્ષ મલ માર-

વા વારાહ થયા ભગવાંન. ૨૫ કડવાં જેર વલણ વલી વલી બોલા તે મુનીવર શુખજી, મનમાં કોપો તે માહા દુરજોધણજી. ૧

ઉથલો જોધ જોવા ચાલો દાનવ, દેવને દેવાડંડ, કાંહાં મુજને મલે માધવ, બોલું તે ખડો ખંડ. ૨

રાગ વેરાડી. હીરણાકશ હઠે ભરાણોરે, બીજો કોણ છે મુજ શમાણોરે, કોણ દેવનો દેવ કહાવેરે, દઈત મારવા હામ ધરાવેરે. ૧ એને બોલી કાહાડું ક્ષણું માંહેરે, જઇ ઝીતું રેહેતો હોએ અજ્યાહેરે. જાએ નાહાંશી તો જીવતો ઝાલુંરે, લાવી કાલાગ્રહમાં ઘાલુંરે. ૨ એમ કહી મુછે કર ઘાલ્યોરે, ચૌદ લોકમાં જોવા ચાલ્યોરે, જઇ ઇંદ્રપુરિમાં પોતોરે. દઇત હીંડે ઘેર ઘેર જોતોરે. ૩ કોઇ માધવ મુજંને દેખાડોરે, પુરૂશોતમ દરષ્ટે પાડોરે, એશુ ખડગ વીહાએ ખેલુંરે, દરષ્ટે દેખુંતો જાતો ન મેલુંરે. ૪ અમે સાંભલો અમરની મેરરે રાખે દાનવ સાથે વેરરે. કરે દેવ તમારી સારરે, તેને બોલી કાઢું નીરધારરે. ૫ એતો આવ્યુ અસુરનું આણુંરે, તેની ત્રેવડ કરવી ટાંણુરે; જેને મુનીજન સર્વ સંભારેરે તેનું સુખ જોવું છે માહારેરે. ૬ કાહાવે અમર તણો એ સ્વામીરે, બહુ વેશ ધરે બહુ નામીરે. તમે દેખાડો એનું ઠેકાણુંરે, નહીતર અંત તમારો આણુંરે, ૭ વલતા બોલા તે સરવે શુરરે, તુંતો કાંઈ નવ જાણે અશુરરે; એતો અખીલ જગતના વાશીરે, તુંતો જોની સઘણે તપાસીરે. ૮ એતો કોય થકી નવ છેટેરે, પણ બોલાવના નવ ભેટેરે. ઘર મુકી વનમાં જાએરે, તેને સનમુખ દરશન થાએરે. ૯ મોટા શતગુરૂ શીર થાપેરે, તે પણ એનું પાસ ન આપેરે, જે કોઈ નીશદીન શમરણ રાખેરે, તેને રૂપ રમાવર દાખેરે. ૧૦ તુને વેરભાવે લાગો લક્ષરે, તોએ પ્રભુ સાથે પ્રત્યક્ષરે એહેની વાત બ્રહ્મા જાણેરે, મુખથી ચાર વેદ વખાણેરે. ૧૧ તુંતો બ્રહ્માને પુછની ભ્રાંતરે, જે જાણેછે એની વાતરે; એવું સાંભળી બ્રહ્મા પાસેરે, દેત આવો છે અક સ્વાશેરે. ૧૨ આવિ ઉભો તે શીશ નમાવીરે, બ્રહ્મા પુછે છે પ્રેમ જણાવીરે. કેહે પુત્ર આવો છે કેમરે, કાંઇ માંડોછે ઉનમાદરે. ૧૩ બોલા દઈત તે જોડી હાંથરે; મારી વીનતી સાંભલો નાથરે. મુની નારદ મુને કહુંરે, તેતો વચન રૂદેમાં ગ્રહુંરે. ૧૪ તુને મારશે માધવરાયરે, જેને મોટો ઘણો મહીમાએરે, જેને મધુકેટભ અને મારારે, મોટા બલવંત એથી હારારે. ૧૫ તેને જાણો તમો આરાજરે, જેને દેખાડી દાની આજરે, કરી જુધને એને ગાલુંરે, દેત સઘલાનું દુઃખ ટાલુંરે. ૧૬ એવું સાંભળી બ્રહ્મા બોલેરે, કોઇ પુરૂષ નહિ એને તોલેરે. એતો આદ પુરૂષ અવીનાશીરે; એની જોત જગતમાં પ્રકાશીરે. ૧૭ એતો કોઇથી માર્યો નવ મરેરે, સહુ દેવ દાનવ એને સમરરે. એને બોલીએ જો જુગ બાધેરે. તો એ દૈત ભાવે નવ લાધેરે. ૧૮ ઘણા દિવસ લગે તપ સાધેરે, એક ચીત કરીને આરાધેરે. એને ચરણે તે તન મન અરપેરે, હરી ચરણને

સરવે સંપરષેરે. ૧૯ તેને મલે મધુસુદન પોતેરે. મન હુંકારતાં પણ ઓતેરે તેહ નામધરે કાંઇ નવ જાણુંરે; બોલો અહંકારે આપ વખાણુંરે. ૨૦ અલ્યે પાપ કરો અણુ લેખેરે. તે પણ દૈત અંતરીક્ષથી દેખેરે. તેણું તમ ઉપર નીરધારરે. મન કોપ કરે કીરતારરે. ૨૧ શુર સઘલા મેલી અભીમાનરે. ભાવે ભગતી કરે ભગવાનરે, ગુણ ગોવીંદના નિત્યે ગાએરે, તેને શ્રીહરી થાશે સાહેરે. ૨૨ તમે ગુણ જો ગોવીંદના ગાઓરે, ક્ષણમાં શુર સરખા થાઓરે. એને સુર અસુર બે સરખારે, જેમ સઘલે તે વરશે વરખારે. ૨૩ તમો દુખ દીઆછા સુરની દેહરે. તારે સ્તુતિ કર પ્રભુજીની તેહરે, સ્તુતિ સાંભલી શ્રી વર રીઝેરે, શુણી ગોર્વીંદ તમપર ખીજેરે. ૨૪ તેણે શ્રીહરી તમને સંધારેરે. દેવ પોતાના કરીને ઉગારેરે, તમે દઇત પોતાને પાપેરે, વલી વેર કરોછો આપેરે. ૨૫ તમે શેઝે કરોછો ક્રીડારે, તેમાં પ્રથવિ પામે પીડારે; તેણે તમને વિષ્ણુ વીડારેરે, તેમાં કોણ પ્રભુજીને વારેરે. ૨૬ તમને શર જાડા શ્રી નાથેરે, વલી વેર કરોછો તમે હાથેરે; વેર વિષ્ણુ સાથે જોર કરશોરે, એહેના મારા તે નિસ્ચે મરશોરે. ૨૭ એવું સાંભળી દાનવ હું કેરે, એના સમજો મારાવણ મુકેરે, એણે પક્ષ જો દેવની રાખીરે; અમે જુધ કરવા અભીલાખીરે. ૨૮ એથી નહી બીજીએ નીરવાણુરે, પાડું પ્રથવીમાં ભંગાણુરે; એતો કાહાવે પ્રથ્વીના પતિરે, વઢ અમ સાથે અમરની વતીરે. ૨૯ બાંધી પ્રથ્વીને જલમાં ઝબોલુંરે, વિષ્ણુ સંઘાતે નીશચે બોલુંરે; એમ કહીને અસુર પાછો વલીઓરે, આવો અવની ઉપર અતી બલીઓરે. ૩૦ અવની ચરણ બલે કરી ચાંપીરે, બાંધી વીશ્વ તે થર થર કાંપીરે; નવખંડ ધરા તતકાલ રે, શેશ સહીત ચાલી રશાતાલરે. ૩૧ તારે સુરપતી જોડી હાથરે, સહુ સંભારે વૈકુંઠનાથરે. ૩૨ પુરવ છાઓ. પ્રથવી ચાંપી ચરણેશું, ડોલા દશ દીગપાલ; સુર બ્રહ્માદીક સ્તુતિ કરે, શમરે દેવ દઆલ. ૩૩ વારાહ કરો વૈકુંઠપતી, કમલનાથ કૃપાલ. સુરસાગક જગત નાયક, ત્રણ ભુવન પ્રતીપાલ. ૩૪ કડવાં. ૧૩ વલણ. વલતા બોલા તે નારદ સારજી, સાંભલ રાજા તે ધરમ કુમારજી; સ્તુતી કરેછે ઇંદ્ર અપારજી. ૧ ઉથલો.

સાંભલ રાજા વચન પાવન, સ્તુતી કરે છે ઇંદ્ર તે સુણીને શીઘ્ર પ્રગટા, વારાહરૂપ ઉપેંદ્ર ૨ રાગ રામગ્રી. ભણે ઇંદ્ર સુનીંદ્ર ઉપેંદ્ર નમો, કરૂણાવર શ્રી હરીચંદ નમો; શચ્ચીદાનંદ શ્રી અવીનાશી નમો, કમલાવર વૈકુંઠવાશી નમો. ૧ પુરૂષોત્તમ પંકજ નેત્ર નમો, પરી પુરણ બ્રહ્મ પવિત્ર નમો; રવી કોટ કલાધર રૂપ નમો, ભગવાન સુરાસુર ભુપ નમો. ૨ પરમેશ્વર પંનગ શાહી નમો, શચરાચર સંપત દાઇ નમો; શીર ચરણ કરાં ભુજ શેશ નમો, પરીધાન પીતાંબર વશ નમો. ૩ કિરિટાદીક લંકૃત ધારી નમો, મધુસુદન દેવ મોરારી નમો, શંખ ચક્ર ગદા ભુજ પાણી

નમો, ખગવાહન પુરૂષ પુરાણી નમો. ૪ ત્રટ નીરમલ પાવન શરણુ નમો, જય માધવ મંગલ કરણુ નમો, સુરવાહ સુંદર શ્યામ નમો, જનદાયક દુરલભ ધાંમ નમો. ૫ નભવાયુ હુતાશ પ્રકાશ નમો, પ્રથવી જલ જંતુ નીવાસ નમો, ગુણવંત અચોંત્ય અનંત નમો, ભયભંજન શ્રી ભગવંત નમો. ૬ નીરાકાર નીરંજન દેવ નમો, શીવ શંકર શાયક શૈવનમો; શરણાંગત વછલનાથનમો, નીજભગત તણા શદા તનમો. ૭ ભુવનેસ્વર ભુધર વીર નમો. શુભ ધરમ ધોરંધર ધીર નમો, દ્વીજ પાલક દીન દયાલ નમો, જગદીશ જગત ક્રપાલ નમો. ૮ બહુ વેશ માહા બલવંત નમો, રૂશીકેશ મહેશ મચંત નમો, કરો વારાહ દયાનીધ વેગ કરી, સુણતાં પ્રગટા તતખેવ હરી. ૯

પુરવછાઓ. શુણતાં પ્રગટ થયા હરી, શુરકારણ તતકાલ; વારાહ રૂપ ધરૂ પ્રભુજી, જે ત્રણભુવન પ્રતીપાલ ૧૦ રશાતાલ જાતી ધરિ, દાઢાગ્રે પર ધરણ. વીશ્વ તણી વારે ચડા, સ્વામી અશરણા શરણ. ૧૧ દાનવ સાથે જુધ રચું, લીધો વારાહ વેશ; પ્રભુજીએ પ્રથવી ધરી, જલમાં કરો પ્રવેશ. ૧૨ હવે તેની કહુ કથા, તે સાંભલા રાજંન, વ્યાસ સુત સુખદેવ કેરાં, શુણે સત્ય વચંન, ૧૩ હરી હિરણાક્ષ વઢે, તે થયું દારૂણ જુધ. દિગપાલ દશ ખલભલા, ને શેશ ભુલો શુધ. ૧૪ સાત સાગર ભેલા ભલા, પડા પરવત શ્રંગ; ખલભલે બ્રહ્માંડ બાધું, અસુર કેરે અંગ. ૧૫

ઉથલો અસુર કેરે અંગરે, બ્રહ્માંડ બાધું થરથરે; ક્રોડ રૂપેથી આહરી, તે સાથ સબલું જુધરે. ૧૬

કડવું ૧૪ રાગ સીંધુડો. માંડુ જુધ તે દુસ્તર દારૂણ હો, જેમ વડવા નલ કંપ વારૂણ હો. વિશ્વ ઠેલે વાહારા બલ સાથ રહો. નિરખી નર થીઆ બહુ કાઅરહો. ૧ કર ગદા પરસ્પર ધારિ હો, તન પ્રહાર પછાડે ભારી હો, આયુધશું આયુધ ઉલાલે હો, ધુમર દઇને ઘા શંભાલે હો ૨ આયુધશું આયુધ છેદો હો. નાખતાં અંગે નવ ભેદહો. વલગીને વીર વછુટે હો, ખેલતા તે કોઇ નવ ખુટે હો. ૩ નાખી બાથને જુગતે ઝાલે હો, કોપીને કંઠે કર ઘાલે હો, રણમાંહે પરસ્પર રોલે હો, જલ માંહે પડા જલ ડોલે હો, ૪ શત પંચ શંવછર પૂરા હો, જલ માંહે પડો બહુ શુરા હો, ઢીચણીઆં કોણી હો. નર દીએ છે અન્યો અન્ય બોણી હો. ૫ વડતા પૃથ્વી ઉપર આવા હો, ઇંદ્રાદીકને અકલાવે હો, પ્રઘલા પ્રચંડા વાજે હો; નવખંડ ગગનમાં ગાજે હો. ૬ ધ્રમકારે ધરણી ધ્રૂજે હો, માહા દૈત દેવશું ઝુઝે હો, જુગદીશ કરે જલક્રીડા હો, પ્રથવીમા પ્રગટી પીડાહો ૭ મનમાંહે માહારાજ વીચારેહો. જુધ કરતાં દાનવ હારે હો, વલતું હરી વદન વીકાશું હો. તન તીક્ષણ તેજ પ્રકાશુ હો. ૮ મુખ દાઢ કરાલ વધારી હો, રૂતા મન માંહે મોરારી હો, ૯ દઇ દોટ પ્રબલને પાડે હો, જઇ

દાનવ પ્રોઢ પછાડે હો. હીરણ્યાકંશનું શીશ હાથે હો, પ્રહી છેદુ તે કમલા નાથે હો, અંત્રીક્ષથી શુર નર નીરખે હો, મન માંહે રહ્યા છે હરખી હો. ૧૦ મુખ જયજય શબ્દ સુણાવે હો, બહુ પુશ્પની વૃષ્ટી કરાવે હો. ૧૧ પુરવછાઓ. પુશ્પવ્રષ્ટી સુરીનર કરે, દેખી દાનવ નાશ, ઇંદ્રાદીક મુખ ઓચરે, જય જય જગન્નીવાશ. ૧૨ ઉથલો જય જય જગનીવાસરે, ઇંદ્રાદીક એણી પેર સ્તવે, રાજા સાંભલ વાતરે, શુક પરીક્ષત પ્રીછવે ૧૩ શુત શુણાવે વીપ્રને, નીમીષારણ્યમાં તેહ, હીરણ્યાકંશ મારા પછ, નીમીત નિપનું જેહ. ૧૪ કડવાં ૧૫ વલણ. વલતા બોલા તે શ્રી રૂશીરાએજી, શાંભલ રાજા તે કહું મહીમાએજી; જેહનો જુગમાં તે સહુ જશ ગાએજી. ૧ ઉથલો. સાંભળ રાજા કહું મહીમા, હીરણ્યાકંશને મારીઓ, તે શુણી હીરણ્યકશ્યપ ભ્રાત; ક્રોધાતુર થયો. ૨ તેણે તપ અતી ઉગ્ર કીધું, દુખ દીધું દેવને, તે કારણ નરસીંહ પ્રગટા, શુણાવું તે અવેવરે. ૩ રાગ ટોડી હીરણ્યકશ્ય મારો માહારાજે, મલ માહા બલ વીર. દાનવ હીરણ્યકસ્યપનો નાનેરો બાંધવ, કશ્યપનો કુમાર દાનવ. તે તણા પુત્ર કલત્ર સહોદર, સરવ કરે કલપાંત. દાનવ. ગ્નાન પ્રબોધ કહી સમજાવે, કંઇક દીધાં દ્રષ્ટાંત. દાનવ. ૨ પછે હીરણ્ય-કશ્યપ હોકારો, કીધો મનમાં ક્રોધ, દાનવ. દેશ દેશથી દઇત તેડાવા. જુથ મલાં બહુ જોધ દાનવ. ૩ પુરી સભામાં પરિઓણ કરૂં, થયા એક.ા ભુપ સમસ્ત. દાનવ. દંત ઘસે કર પ્રસ્ટ ડરી, હેડા પછાડે હસ્ત. દાનવ કોણ એવો મહવંત માં આવી, જે વારાહ વેશ વીશાલ. દાનવ. જેણે હણો મુજ ભ્રાત લઘુને. હું નીશચે આ ણું તેનો કાલ. દાનવ. ૫ વલતો વીચાર કીધો મનમાંહે, ઇંદ્ર ત-ણો ઉપગાર. દાનવ. વૈકુંઠ નાથે હણો મુજ બાંધવ નીશચે તે ની-રધાર. દાનવ ૬ તે માટે હવે નીશચે માહારે દેવને દેવો દંડ. દા-નવ. જોર કરે તો જીવથી મારૂં, બોલું ખંડો ખંડ. દાનવ. ૭ શત્રુ માહારાને શોધી કાડું, જેણે વીડારો વીર. દાનવ. ભ્રાતનું વેર વાલું જુગમાંહે, તાહાર પછે પીઉ નીર. દાનવ. ૮ એમ વિચાર કીધો મન માંહે, ધરમનો કીજે દવેશ. દાનવ. તો શેજે શત્રુ ક્ષય પાંમશે, પુન પ્રભુનો અંશ. દાનવ. ૯ ધરમ ધરાપર જાણીએ જુગમાં, માંહે વીશ્ણુનું મુલ. દાનવ. ધરમ લોપે ધરણીપર નાશે, દઇતનું જાશે શુલ. દાનવ. ૧૦ એમ કહીને આગના આપી, દોડાવા દઇત અપાર. દાનવ. પુણ્યનો મારગ પાલટી નાંખી, દેવ કીધો સંઘાર. દાનવ. ૧૧ ભુપની ઇછા ઉપની જાણી, ચાલીઆ ચારે મેર. દાનવ. મેદની માંહે કુલાહલ માંડું, કીધું હલાહલ વેર. દાનવ. ૧૨ વેદની ધુન સુણ તીહાં સામટા, ધુમ કરીને ધાએ, દાનવ. વાડવને શીર વેદના પાડે, ખડગ ઉઘાડે જાએ. દાનવ. ૧૩ જગનશાલા મઠશા-લા સઘલી, પાડી કીધા પડથાર. દાનવ કુંડ સરોવર દેવના દેવલ,

ટાલી નાંખા તેણીવાર. દાનવ. ૧૪ સાધુ સમાગમ સાર પુરાવે, ગાંધર્વને દીએ ગાલ. દાનવ. ગીત કથા હરી વારતા કોએ, તીહાં આવી માંડે આડ. દાનવ. ૧૫ લેવા ન દીએ મુખ મેહની માંહે, નારાયણનું નામ. દાનવ. ૧૬ સંધ્યા સ્નાન કરી ન શકે દ્વીજ, કરવા ન દીએ કરમ. દાનવ. બ્રાહ્મણને શીરૂ ભય ઉપજાવે. ધશી નાંખે ધરમ. દાનવ. ૧૭ ભગતિનો મારગ ભુતલમાંથી, ટાલી નાંખો તતખેવ. દાનવ. હીરણકશ્યપ પછે સ્વરગે જઇને, જીતા સરવે દેવ. દાનવ. ૧૮ ઇંદ્ર પોતાનું આસન છાંડી, નાઠા દેખી દુરબુધ. દાનવ. પરવતમાં જઈ દેવતા પેઠા, આવતો જોઇ અશુધ. દાનવ. ૧૯ પછે તાંહાંથી દૈત ઉતાવલો, જઇ પોતો વઇકુંઠ દાનવ. શ્રીહરી સાથે જોમ ધરીને, જુધ્ધ કરવા ઉતકંઠ. દાનવ. ૨૦ વલતા વિશ્ણુએ વાત વિચારી, દઇત આવો છે અકાલ. દાનવ. જુધનથી કરવું એ સાથે, મારવો જઇ જવાલ. દાનવ. ૨૧ એમ વમાશી શ્રી અવીનાશી, દેખે નહી જેમ રૂપ. દાનવ. વાયુ વેશ ધરો માહારાજે, ભેદમાં ભુલવો ભુપ. દાનવ. ૨૨ શ્રીવરે સુક્ષમ રૂપ ધરિને, પ્રવેશ કરો જઈ પેટ. દાનવ. ખોલી વલો પછે ભુપતી બાધું ક્ષીર સમુદ્રનું ક્ષેત્ર. દાનવ ૨૩ પુરવછાયો ખોલી વલો વૈકુંઠ બાંધુ, જડા નહી જુગદીશ. ફરી પાછો ઘેર આવો, રહી મનમાં રીશ. ૨૪ ઉથલો. ઉથલો. રહી મનમાં રીશરે, મતિ મુઢ એમ ત્રેવડે, વેરિ મુજને નવ મલે, તે કો દીવશ આવી નડે. ૨૫ તે માટે જઇ તપ કરૂ. જે બ્રમા ભે પાંમે ઘણું. ઇંદ્ર ઉપર અચલ થાપે, આપે અજરામરપણું. ૨૬ કડવાં ૧૬ વલણ. રૂપીજી બોલા તે વચન પ્રમાણજી, માહા તપ માંડું તે દાનવ રાણજી, સાંભલ રાજા તે ચતુરસુજાણજી. ૧ ઉથલો. સાંભલ રાજા ચતુર ચંતે, અસુરનું તપ તેજ, વાધીઉં બ્રમાંડ સુધી, મુખ વખાણું એજ. ૨ મંદરાચલમાં માંડીઉં, તપ અસુર આસન એક, બ્રહ્માને મનમાં ભજે, તજે નહી મન ટેક ૩

રાગ પુરબી. તન ટેક ન મુકે રાજારે, મનમાંથી ન ચુકે માહારાજારે, એક અંગુષ્ટને આધારરે, ઉભો રહો છે વનમોઝારરે. ૧૧ રહો તરોવરની પેરે સ્થંભીરે, એમ ઘણા દીવશ દેહ દંભીરે, મુખ સુન્ય પ્રહી મદવતરે; જાણે શુતો તે શરપ એકાંતરે. ૨ અંન ઉદક દીધાં છે મેલીરે, જોઇએ જીવને વસ્તુ જે પેહલીરે; નેત્ર ઢાલીને ધરૂં ધ્યાનરે, દીસે શીઘ પુરૂષને સમાનરે. ૩ પંચ કેશ જટા શીર વાધીરે, ઘણું શોભે તે જોગ સમાધીરે; રૂંધો સ્વાસ ચડાવી છે તાલીરે, લીધી દક્ષણ કર જપ માલીરે. ૪ એક શત શંવછર શુધારે, તારે અંગ વલોધી ઉધીરે, નવ દીશે ત્વચાને નાટીરે નાટીરે, થઓ રાફ ફરી વલી માટીરે. ૫ ઉગા દરભ તે કરણને દ્વારેરે, કીધાં શુગરીએ ઘર હારો હારેરે; જારે થઇ છે અવસ્તા એમરે, ઇંદરે જાણું રીપુ નથી ક્ષેમરે. ૬

મતમાંહે વીચારે વાતરે, દેવડાઓ ઘણું વીખ્યાતરે; એવા દુષ્ટને વર કેમ આપેરે, જો કોઈ શુરી નરને સંતાપેરે. ૭ પછે ઇંદ્રે શબલ બલે કીધું રે, જઇ દાનવનું પુર લીધું રે; ત્યાં અસુર તે કઇક વીડારારે, નહી હીરણ્ કસ્યપ તેણુ ઠારરે, ૮ પછે હીરણ્યકસ્યપની નારીરે; માતા પ્રહલાદની સુખકારીરે, તને મેઘ મારૂતને નાથેરે; વલી સાહી લીધી છે શાથેરે. ૯ કીધી અઇરાવતની આગેરે, ચાલે જુવતીશ કોમલ પાગેરે; જાણી ભગત જનેતા માટેરે, આવાં નારદ અંત્રીક્ષ વાટેરે. ૧૦ જારે સુરપતિયે મુનીવર દીઠારે, તારે આવા વાહન થકી હેઠારે; કરજોડી દંડવત કીધારે, રૂશીએ આશીરવાદ દીધારે. ૧૧ મુની બોલા તે મુખ થકી વાણીરે, એક આ શુંદરી કહાંથી આણીરે; કોઈ ભુપતી મનમાં કોપેરે, પણ અબલાની લાજ ન લોપેરે. ૧૨ તુતો સ્વરગ અમરનો ઇશરે, તને આવડી ન ઘટે રીશરે; પછે ઇંદ્ર બોલા શીર નામીરે, તમે વાત વિચારો સ્વામીરે ૧૩ એને ગરભ ઓદરમાં ભાશેરે, કોઇ દાનવ પ્રૌઢ પ્રકાશેરે; ટાંણુ ગરભ છેદન કરૂં એનોરે, પછે નહીં પરભવ કેનોરે. ૧૪ એવિ સાંભલી વાત જે વારેરે, હશી બોલા મુની તે વારેરે; એના ઓદરમાં પ્રગટો બાલરે, તેતો પુરણ ભગત ગોપાલરે. ૧૫ ભય હીરણ કસ્યપનો ધરશોરે, એનિ ભગતીએ તમે ઉગરશોરે, પછે ઇંદ્રિ તે આશ્ચરીઅ પાંમેરે, રૂષીજીને ચરણ શીર નામેરે. ૧૬ સુંદરિને નમાવું શીશરે, તમે મનમાં નવ ધરશો રોશરે; અજાણે થયો અપરાધરે, ક્ષમા કરજો જનેતા શાધરે. ૧૭ કરજોડીને સુરપતી માગેરે, ઉભો સ્તુતી કરે રૂશી આગેરે; એકા સુંદરી સ્વામીને ધામેરે, રાખો શરણ રખે દુઃખ પાંમેરે. ૧૮ પછે માનુની મુનીવરે વાલીરે તેને પુત્રી કરીને પાલીરે; આપો મુનીવરે વર અતી ભાવેરે, તું તો ગરભ પ્રશવતી આવેરે. ૧૯ ઘણી ગનાનની વાત સુણાવીરે, તેણે દુઃખાંન દાઝ સમાવીરે. ગરભવાશમાંથી પ્રલ્હાદેરે; રસ પીધો સ્તુતી કરી સ્વાદેરે ૨૦ તેના મરમ મુનીજંન જાણેરે, રશપાન કરે તે વખાણેરે. ૨૧ પુરવ છાઓ. તે વખાણે જશ પ્રભુના, જે કરે રશ પાન; પણ દુષ્ટ દાનવ નવ લહે, જેને અટલ છે અગનાંન. ૨૨ ઉથલો અટલ છે અગનાનરે. તે નવ લહે રશ હરી તણો, હીરણ કસ્યપ તપ તે થકીરે; જેમ વિખે શ્રંથ વાધે ઘણો. ૨૩

કડવાં ૧૭ વલણ પછે વાધો અસુર તપ તાપેરે, બાધા વીશ્વ વિખે, થયો મુનીવરને સંતાપરે, બાધા વિશ્વ વિખે. ૧ કંપે સ્વરગ મ્રતુને પાતાલરે બાધા. વલી ડોલા દશ દીગપાલરે. બાધા. ૨ દેવ મેલી પોતાનું ધાંમરે બાધા રેહેવા બોલત હીંડે ઠાંમરે. બાધા ૩ ચૌદ લોક ચડા ચકડોલરે. બાધા. બ્રહ્મલોકમાં હલકલોલરે. બાધા. ૪ વાધું તપ તણું બહુ તેજરે. બાધા. મન બ્રહ્મા વીચારે એજરે. બાધા. ૫ થયો દાનવ મોહો બલવાનરે.

બાધા. વર આપવા જોઇએ ન દાનરે. બાધા. ૬ કહીએ મુકો નહી તપ તાલરે. બાધા. વર આપવામાં જંજાલરે. બાધા. ૭ એતો તામશી છે દુરબુધરે. બાધા. જુગમાંહે જગાડશે જુધરે, બાધા. ૮ એતો દેવને દેશે દંડરે. બાધા. એતો આચરે પાપ પ્રચંડરે. બાધા. ૯ એમ બ્રહ્મા વિચારે વાતરે. બાધા. વર આપવા આવ્યા ખ્યાત-રે. બાધા. ૧૦ આવી ઉતરા પરવત માંહે. બાધા. તપ દાનવ શાંધે છે જાંહાંરે. બાધા. ૧૧ કરિ મુકી કરો સાવધાંનરે. બાધા. મુખે બોલા બ્રહ્મા ભગવાનરે. બાધા. ૧૨ ઉઠ પુત્ર તપશાથી જાગરે. બાધા તેરે જેરે જોએ તે માગરે. બાધા. ૧૩ એવું સાંભલી જાગો ભુપરે બાધા. દીઠું દેવ વીધાતાનું રૂપરે. બાધા. ૧૪ કર જોડીને લાગો પાએરે. બાધા. સ્વામી થાજો તમે હુને શાહાએરે. બાધા. ૧૫ જેટલા વર માગું આજરે. બાધા, તેટલાજ આપો માહારાજ-રે. બાધા. ૧૬ જોતાં શ્રષ્ટી તમારી નાજતરે. બાધા. માહારો આણી ન શકે અંતરે. બાધા. ૧૭ જલ ભુતલ વાયુ પ્રકાશરે. બાધા, મા-હારો તે કરી ન શકે નાશરે બાધા. ૧૮ શલ્ય શુકલ કાસ્ટ કોદં-ડરે. બાધા. તેણે પડે નહી મુજ પંડરે. બાધા. ૧૯ મત્ર જંત્રને આયુધ અસ્ત્રરે. બાધા. મુને છેદે નહી કોઇ શસ્ત્રરે બાધા. ૨૦ શીત ઘાતના ઘાટ અને કરે બાધા. માહારે અગન ભેદે એકરે. બાધા ૨૧ વન અઉશધો ભાર અઢારરે. બાધા. માહારો તેથી ન થાએ સઘારરે બાધા. ૨૨ ગીરિ શીખર પાણ કો જાણરે. બાધા. માહારો પડે નહિ નિશ્ચે પ્રાણરે. બાધા. ૨૩ ઘર ગોખલને ઘર-બારરે. બાધા. મારો પંડ પડે નહી કીઆંએરે. બાધા. ૨૪ અવની ઉપર ઉંબર હેઠરે. બાધા. મુજ મ્રત્યુ નાવે તેટરે બાધા. ૨૫ દીન રેણ સમસ્ત મોઝારરે. બાધા. ૨૬ જીવ જોની ચારે ખાણરે. બાધા. તેથી નવ મરૂ નિરવાણરે. બાધા. ૨૭ એટલું માગું કરજોડરે. બાધા. જેટલે મારા મનનો હોડરે બાધા ૨૮ પછે બોલીઆ બ્રહ્મા બોલરે. બાધા. તેતો વર માગા અણતોલરે. બાધા. ૨૯ નથી આ-પવા જેવા નીરધારરે. બાધા. વર દુરલેભ એજ અપારરે. બાધા. ૩૦ આજ લગે એવા નથી કોયરે. બાધા. જેને તારા જેવા વર હોયરે. બાધા. ૩૧ પણ જો તારા તપને ત્રાશરે. બાધા. વર આ-પીને પુરી આશરે. બાધા. ૩૨ મુખે માગું તે થાશે સત્યરે, બાધા. પણ દૈત્ય તારી દુરમત્યરે બાધા. ૩૩ પુરવછાઓ દૈત્ય તણી દુરમત્યરે વિશ્ધ વીખે નીરધારરે, અહંકારી ઉનમદ ઘણું, કરે ભોમને ભારરે. ૩૪ ઉથલો. કરે ભોમને ભારરે, દાનવ દલ મેલી ઘણું, અચ્યુત લે અવતારરે, તો દુખ ભાંગે શુર તણું. ૩૫ કડવાં ૧૮ વલણ વલી વલી બોલા તે બ્રહ્મકુમાર-જી, લઇ વરવા ધીતે અસુર અહંકારજી. સાંભલ રાજા તે કહું વીશતારજી. ૧ ઉથલો. સાંભલ કહું વીશતાર તેહનો, પાંડુ સુત પ્રનવંત, પાંમી વર દાંનવ વલી, તે ખ્યાત શુણ મન

અંત ૨   રાગ મારૂ ગુર્જરી.   વર આપી વલા ચતુર.
જો, પછે ભુપ ફુલું તન મનજો; પાંમ્યા વાંછીત વસ્તુ પદારથજો,
જાણે મન થયો કૃતારથજો, ૧ આગે દઈતને વરદાન લીધું જો,
જેમ મેઘ્લને મદ પીધું જો. પેલો બલીઓને વલી વ-
ર લીધોજો. જેમ પંનગ પાખાલો કીધો જો. ૨ હુતો અસુર
અતુલ બલબલીઓજો, વર વાંછીત પાંમીને વલીઓજો;
આવો અસુર પોતાને મંદિરજો, તાંહાં પ્રાક્રમ કીદું પુરી ઇંદ્રજો.
૩ બાંધુ નગર કરૂં છે સુનું જો, કોઇ ધામ જડે નહી જુનું જો.
દેખી ક્રોધ ચડો મનમાંહે જો. પછે તેડાવા દાનવ રાએજો ૪ દેશો
દેશના દાનવ બલીઆજો, મોટા મહીપતિ આવીને મલીઆજો.
પ્રજા સઘલીને શીઘ્ર તેડાવાજો. આપ આપને સ્થાનક આવાજો.
૫ બહુ કરોડ અસુર થયા ભેલાજો, દઇત જાણે હવે વલી વેલાજો.
દલવાદલ શન્યા દિશેજો, જુધ કરવાને મન હીંશેજો. ૬ વાજે દશ
વીશ કરોડ દલામાંજો, તેતો સુરપતિના પુર સામું જો થાએ વા-
જીંત્રના નીરગોખજો, કાને પડં શુણે નહી ત્રૈલોકજો. ૭ ઉછાંછલો
દઇત અલેખેજો, બલ બીજાનું આંખે દેખેજો. આલવીતાને અવલા
ચાલેજો, જાણી જોઇને જગડો ઘાલેજો. ૮ અલવે આલ કરે માંહ-
જો, એલે ખડગ વીદાને ધાએજો અસ્ત્ર શસ્ત્રની વિદ્યા શાંધેજો, એક
બીજાને બંધન બાંધેજો. ૯ એહવું શેન મલું શપરાણું જો, બોલે
હીરણકશ્યપ બહુ જાણું જો. મુજ આગલ અમર કોણ માત્રજો, ગજા
વના કીધું છે ગાત્રજો. ૧૦ એમ કહિને મુછે કર ઘાલેજો. દલરાજ
કરી દાનવ ચાલોજો. આજ સ્વરગજઇ વેર વાલું જો. મારા રૂદી-
આ તણું દુખ ટાલુંજો ૧૧ મલે ઇંદ્ર તો માન ઉતારૂં જો, તારે
હીરણકશ્યપ નામ મહારૂંજો. પછે દલ લઇ દાનવ ધાઓજો, ધરા
ધરૂજીને અંબર શાહોજો. ૧૨ દીધો સ્વરગ નીકટ જઈ ડેરોજો, મ-
ણી ફ્રાટકનો ધડ ઘેરોજો, ઇંદ્રે જાણ્યું જે દઇત અભંગીજો, વર પા-
મી આવો છે ઉમંગીજો. ૧૩ એશું જુધ કીધું નવ જાએજો, પ્રથા
કરવો તે સ્થાને ઉપાયજો. શલ્યા લોહ ઉપર કર હણીએજો, દુખ
પોતે પોતાનું ગણીએ. ૧૪ ક્રોધે કાલી પાણને ડશીએજો, દંત ભા
ગે પછે કર ઘશીએજો, એમ અમરપતી મન ધારીજો. નાઠા લઇને
પોતાની નારી જો. ૧૫ બીજા દેવતા દોહોદશ પલીઆજો, તજી
ભુવનને શીઘ્ર ઉચલીઆજો; ગયા અમર સ્વરગથી નાશીજો, જોઉં
દઈત તે તલપ તપાશીજો. ૧૬ પછે અસુરપુરીમાં પેઠો જો, સુર
સ્વામીને સ્થાનકે બેઠો જો; આવો હીરણકશ્યપ નર તાંહેજો, ચડી
બેઠો ઇંદ્રાસન માંહેજો ૧૭ રાજા રંગ ઘણો મન જામોજો, શુર ઇંદ્ર
તણું સુખ પામોજો કરજોડી શીશ નમાવી જો, ઘણા દઇત ઉભા
નીજ આવીજો. ૧૮ શોભા દાનવ તેજ અપારજો, જાણે દીનકરનો
ઝલકારજો. માથે મુગટ કનક મણી ઓપે જો, તે તો ઇંદ્ર ગુણ છબી
લોપે જો. ૧૯ કાને કુંડળ ઉર મણી માલાજો નેત્ર જાણે અગ્નીની

ભ જો, ધરે નવનવાં વસ્ત્ર વિભાગીજો, કરે ખડગ ચમર સૌ-હાગીજો. ૨૦ ક્રોધે દ્રષ્ટે જે જંતુ નિહાળે જો, સતા શરીરની શુધ બુધ ટાલે જો, શોહે સ્વરગ ભુવનની ધરણી જો, હેમ રત્ન વૈદ્રવ વરણીજો ૨૧ માંડા મણીમય મંડપ મધે જો, જોરે હુંકારી રીધશી-ધજો. જોતાં પ્રથવીમાં પ્રતીબીંબ દીશે જો, જેમ ભાશે તે વદન અ રિશે જો; ૨૨ દ્વારે મોતીનાં તોરણ લેકેજો, ચર્ચ્યાં કુંકુમ કસ્તુરિ બેહેકે જો, ફરતી કલપ વ્રક્ષની વાડીજો, વચે અગરજ ફુલની ઝાડી જો. ૨૩ વીટી વેલ તીહાં બહુ ફુલીજો. રહ્યા. કુશમ ફલ મધુ ઝુલીજો, તીહાં ગંધરવ અપછરા નાચેજો. ઉભા અનેક બંધીજન જાચે જો. ૨૪ દાઉ જુથ દાનવના જામી જો, ભેલે મોટા ભુપતી ભોમી જો, દઇતુ હીરણકશ્યપની હાકેજો, ચૌદ લોક ચડા છે ચા કે જો. ૨૫ બીજા નવ દીગપાલ નમાવા જો, તેતો ભેટ ભલી ભલી લાવાજો, હય હસ્તી છીબીકા સારી જો, શશી લાવ્યો શીવનો ભંડારીજો. ૨૬ વલી રથ રેવત ગજ ઝાઝા જો, લાવે લાખો લેખે સરવે રાજાજો, પોત પોતાની ભોમીની ભેટજો. ભુપ આવી પોચાડે કેઠજો ૨૭ એને શેના તણી નહી સંખ્યા જો, એ-થી અવનીને આભય સંખ્યા જો. એહેના તનમાં ત્રીગુણ નિરો-ગીજો, બરમા ગુરૂ હરી શીવ જોગી જો. ૨૮ એવી સંપત પામો અસુરજો, તેણે શશીઅર જીતા શુરજો. પછે નારદ રૂશી તેડી રાણી જો, આવા તતબર તું બરપાંણીજો. ૨૯ કરી પુત્રીને શાશ-રવાશો જો. શાપી ભુપને ટાલો વરાંશોજો, પેર પ્રીછવી શ્રી રૂષી રાયજો, રાજા મનમાં તે હરખ ન માયજો. ૩૦

પુરવછાઓ. રાજા મનમાં હરખીઓ, પાંમો પરમ ઉલા-શ; અમરાપુરી પોતેરિઆ, દેવ રહા વનવાશ. ૩૧ ઉથલો. દેવ રહા વનવાશરે, શ્રીપતિનું શમરણ કરે, ગગન થકી વાયક થયુ, તે શુરીનર શ્રવણે શુણે ૩૨ અવતરશે ઘેર અશુરને, કુંવર ભગત ભગવાંન; તે દુખ ટાલે તમ તણું, લેતાં નામ નીદાંન. ૨૩

કડવાં. ૧૯ વલણ. વલતા બોલા તે મુનીવર વાતજી, શાંભલ રાજા તે ભગતની ખ્યાતજી; બાળક પ્રગટો ને ગુણ વીખ્યાતજી. ઉથલો. સાંભલ રાજા શ્રવણ સરવ, ભગત ગુણ વીખ્યાત; અસુરને કુલ અવતરો પણ ભજા વૈકુંઠનાથ. ૧ રાગ થાલવ ગુર્જરી. થયો અશુર તણો ઘેર બાલ, રૂપ મનોહર છે, એને વાહાલા ઘણું ગોપાલ; રૂપ મનોહર છે, ૧ વાજે ઢોલ નીશાનને નાદ, રૂપ મ૦ એનું નામ ધરાવ્યું પ્રહલાદ. રૂપ મ૦ ૨ વેહેંચે શ્રીફલ ફોફલ પાન. રૂપ મ૦ ગાએ માનુની મધુરા ગાન. રૂપ મ૦ ૩ મન હરખ ઘણો ઘેર ભુપ રૂપ મ૦ એનું શોભે તે શપેલ સ્વ-રૂપ મ૦ ૪ એમ મન વીચારે માત રૂપ મ૦ એકા પુત્રની વાધશે ખ્યાત; રૂપ મ૦ ૫ જોતાં જન્માક્ષરની વાત. રૂપ મ૦ એને પ્રભુ મલે સાક્ષાત. રૂપ મ૦ ૬ માતા લાડ લડાવે દીન રેણ. રૂપ મ૦

જેમ પાંપણુ પાલે નેણુ રૂપ મ૦ માથે ટોપી મોતીની હાર. રૂપ મઠે માંહે ઘુઘરનો ઘમકાર. રૂપ મ૦ ૮ પેરી ઝુલડી ઝલકતી જોત. રૂપ મ૦ જાણુ અરકે તણો ઉદ્દોત રૂપ મ૦ ૯ કટી મેખલા ઘુગર માલ, રૂપ મ૦ થયો પંચ વરશનો બાલ રૂપ મ૦ ૧૦ પછે પીતાએ આણી પ્રીત. રૂપ મ૦ મેહેલુ શીખવા રાજની રીત. રૂપ મ૦ ૧૧ જોઇ ઉતમ દીવશ નીરધાર, રૂપ મ૦ જાવા નીશાલે શણીઓ કુમાર, રૂપ મ૦ ૧૨ શોભે જરકશી પાઘડી શીશ. રૂપ મ૦ જોઇ મોહી રહે અજ ઇશ. રૂપ મ૦ ૧૩ કંઠે ઝલકે મોતીડાનો હાર, રૂપ મ૦ ધર્યો વસ્ત્ર તે ઝાક ઝુમાલ. રૂપ મ૦ ૧૪ કીધો મે ધલપર અશવાર. રૂપ મ૦ સાથે વાજીંત્રનો નહી પાર; રૂપ મ૦ ૧૫ શુત એણીપેરે મેલો નિશાલ, રૂપ મ૦ સાથે સહુ શ્રપાએ અસવાર. રૂપ મ૦ ૧૬ શોંપે ભ્રગુ ગુરૂને હાથ, રૂપ મ૦ એમ બોલો અસુરનો નાથ. રૂપ મ૦ ૧૭ એને જાલવ જો ભલી ભાત. રૂપ મ૦ રૂડી વીધા ભણાવો દીન રેણુ. રૂપ મ૦ ૧૮ પછે નિશાલીઆમાં નરેશ. રૂપ મ૦ વેહેંચ્યા શાક ૨ દ્રાખ વીશેશ. રૂપ મ૦ ૧૯ આ પાખડીઆ કનકના અપાર. રૂપ મ૦ સહુને દીધી ભલામણ શાર રૂપ મ૦ ૨૦ પછે ગુરૂજીએ જાણ્યું મન. રૂપ મ૦ પાશે બેશાડો દાનવ તન રૂપ મ૦ ૨૧ પુરવ છાઓ. રૂપ મનોહર અતી ઘણું, નખ શીખ નીરમલ તન; કોમલ વદન વાયક મધુર, આઠે પોહોર પ્રસંન. ૨૨ ઉથલો. આઠે પોહોર પ્રસંનરે, શ્રી ગુરૂજી વાણી વદે, કહું કથા હરિભકતની તે, રાજા તું સાંભલ રૂદે ૨૩ કડવાં. ૨૦ વલણ. વલતા બોલા તે મુની નારદજી, શાંભલ રાજા તે કહું હારદજી; જેનો પાર ન પામે શારદજી. ૧ ઉથલો. પાર જેનો ન લેહે શારદા, કહું તેનો મરમ; પ્રહલાદની દ્રઢ ભકતી પુરણ; શુણે રાજા ધરમ. ૨ રાગ મંગલાચરણ. પછે ગુરૂજીએ તેડીઓ, રંગીલા કુંવરરે, લઇ મસ્તક મુકો હાથ; રંગ ભીના કુંવરરે, એવી વીદ્યા તુને શીખવું. રંગી૦ જેમ જીતે શભાનો સાથ. રંગ. ૧ હાથ પાટીલો હેમની. રંગી૦ માંહે લખા છે મોટા મંત્ર. રંગ૦ ગુરૂ તણુ મન રાખજે, રંગી. તુને શીખવું ઝઝા જંત્ર. રંગ૦ ૨ પેહેલી વેલા શીઘો શીખવું, રંગી૦ પછે ભભાનો ભેદ; રંગ. બાવન અક્ષર એ વાશે, રંચઉદ વીદ્યાને ચારે વેદ. રંગ. ૩ દીપતા આંક દશે લખે. રંગી૦ લેખું કરવાને કાજ; રંગ૦ શરવ વીદીઆ તુને શીખવું. રંગી૦ જેમ રૂડું ચલાવે રાજ; રંગ. ૪ તાત તણું માન રાખજે. રંગી૦ માતાને લાગજે પાએ; રંગ૦ દુરબલને દુખ દેઇશમાં રંગી૦ રાખે વેરીની રાએ; રંગ૦ ૫ શતરનો સંગ ન કીજીએ. રંગી૦ મીત્રમાં દેશો છેહ. રંગ૦ ચારે ચઉટે જાઇશમાં. રંગી૦ શઠ સાથે કરીશમાં શનેહ; રંગ. ૬ રાજ દુવારે દાહેરે; રંગી૦ કાંએ કરીશમાં હાશ; રંગ૦ પંચ તણા પરિઆણમાં; રંગી૦ વણુ તેડે મજાશો પાશ; રં-

ગ૦ ૭ દુત વીદ્દા નવ બેલીએ; રંગીo હું શ્રી ન કીજીએ હોડ રંગ૦ અણુ તાડો નિર ન પેશીએ; રંગીo નવ બેશીએ નિચનિ જોડ રંગ૦ ૮ ગીત કથા સંવાદમાં; રંગીo વચે ન કરીએ વાત. રંગ૦ અહરનીશ ઉદ્દમ કીજીએ. રંગીo કાંઇક દીજીએ દાંન. રંગ૦ ૯ રમતાં રીશ નવ કીજીએ રંગીo દીન રેણુ રએ રલીઆત; રંગ૦ જમતાં જોર નવ કીજીએ રંગીo ભાવતું લીજીએ ભાત. રંગ૦ ૧૦ સુતો શરપ નવ છેડીએ; રંગીo વાખ સાથે નવ કીજીએ વાદ. રંગ૦ વાપી કુપ ન ઠેકીએ. રગાo અતપાત કરી ઉનમાદ; રંગ૦ ૧૧ પાવક હાથ ન ઘાલીએ; રંગીo નવ ચાલીએ શાંકડી વાત. રંગ૦ અજાણી વસ્તુ નવ પ્રાશીએ. રંગીo નવ કુદીએ અવઘડ ઘાટ રંગ૦ ૧૨ એકલા ગાંમ નવ ચાલીએ. રંગીo કામ પડે જો કોટ. રંગ૦ લીધું દીધું લખાવીએ, રંગીo ખાતે ન પડે ખોટ. રંગ૦ ૧૩ મોટ વડાઇ નવ લોપીએ. રંગીo પાલીએ ધરમાં ધરમ; રંગ૦ દોશ તેને નવ દીજીએ. રંગીo કીજીએ આપણું કરમ રંગ૦ ૧૪ પંડને પાવન સરાખીએ, રંગીo નાહીએ નીરમલ નીર. રગ૦ મેલાં વસ્ત્ર નવ પેરીએ, રંગીo રાખીએ શુધ શરીર. રંગ૦ ૧૫ ચાંપીને પાગ ન બાંધીએ રંગીo નખે ન ખોદીએ ધરણુ રંગ૦ પ્રભાતે નવ પોહોડીએ; રંગીo હસ્તે નવ ત્રોડીએ ત્રણ. રગ૦ ૧૬ છોરવીના નવ છોરીએ રંગીo કુડી ન પુરીએ શાખ. રંગ૦ એવી વિદ્યા મે શીખવી; રંગીo તે વાત રૂદેમાં રાખે. રંગ૦ ૧૭ પુરવ છાઓ.

વાત રૂદેમાં રાખજે, રૂડા રાજકુમાર, જગતમાં જશ પેરવે, કીપા કરે કીરતાર ૧૮ ઉથલો. ક્રીપા કરે કીરતારરે. એવું મન નોશચે ગણે, જે વીદ્યા સંકષ્ટ હરે, તે વીદ્યા ભાવે ભણે. ૧૯

કડવાં ૨૧ વલણ. વલતા બોલા તે મુનીવર વાંણીજી, સાંભળ રાજા તે ચતુર સુજાણુજી, કહું હરીજનની તે વાત વખાણુજી ૧ ઉથલો. વાત વખાણું ભગતની, તે સાંભળ ધરમ નરેંદ્ર, ગુરૂ વચન મસ્તક ધરે; પણ અનુભવા બોપેંદ્ર. ૨

રાગ ધનાશી. પછે ગુરૂજીને શીશ નમાવી કરી કર જોડીને બોલીઓ બાલ, કતારથ મુને કરો, સ્વામી સકલ વિદ્યા મુને શીખવી, હુંને કરૂણા કરી તતકાલ; ક્રતારથ મુને કરો. ૧ હું તો શોધો વરણુ શીધ શીખીઓ, તેમાં ક્ષણું નવ લાગી વાર, ક્રતા. તેનો અરથ વીચારતાં એમ થીઓ, માંહે ક્રીડા કરે કીરતાર, ક્રતા. ૨ મેતો અક્ષર સઘલા ઓલખા, હું ને લોધો ભણુ ના ભેદ. ક્રતા. એ શાસ્ત્ર સકલ જંત્ર મંત્ર કલા, ચઉદ્દ વીધાને ચારે વેદ. ક્રતા. ૩ એના બાવન અક્ષર બીજા સદા, માંહે પુરી રહો પરબરમ ક્રતા. એને સમજે તે સુખ પાંમે ઘણું, અણુ સમજુને પોંચે શરમ ક્રતા૦ ૪ મેતો કકો તે કેશવ જાણીઓ, ખખો ખગવાહન નીરધાર ક્રતા૦ મેતો ગગો ગોવીંદ જાણીઓ. ઘઘો ઘનશ્યામ મોરાર. ક્રતા૦ ૫ મેતો નનો નારાયણુ લેખીઓ, વલી ચચો લખો ચક્રપાંણુ.

... ... જજા છ૦ લા લખાઓ, લખો જજો તે જીવનઆંણ. ક્તા૦ ૬ મેતા ઝઝા તે ઝબકારી લખો, નનો નીરગુણ નિરાકાર. ક્તા૦ મેતા ટટો તે ટેકધારી લખે. લખો ઠઠો તે ઠારણહાર ક્તા૦ ૭ મેતા ડડો તે ડંબધારિ લખો, મેતા ઢઢો લખો જુગ ઢાલ ક્તા૦ મેતા ણણો નીરંજન જાણીઓ, તતો ત્રણભુવન મતીપલ ક્તા૦૮ મેતા થથો તે સ્થીર સ્થાવર લખો, મેતા દદો લખો છે દેવેશ ક્તા મેતા ધધો તે ધરણીધર લખો, મેતા નનો લખો છે નરેશ ક્તા૦૯ મેતા પપો પુરશોતમ લખો, લખો ફફો તે ફાલ દાતાર. ક્તા૦ મેતા બબો તે બહુ નામી લખો, મેતા ભભો લખો ભવતાર ક્તા૦ ૧૦ મેતા મમો તે મધુસુદન લખો, મેતા જજો લખો જુમનેશ. ક્તા૦ મેતા રરો રાંમ કરિ લખો, લખો લલો લીલાધર વેશ ક્તા ૧૧ મેતા વવો વિષ્ણુ કરિ જાણીઓ, લખો શશો શંકરશણ ભુપ. ક્તા૦ મેતા ખખો ખટ દરશણ લખો, લખો સસો તે સત્ય સ્વરૂપ ક્તા૦ ૧૨ મેતા હહો હરી કરિ જાણીઓ, મેતા શ્રીપતિ નામ. ક્તા૦ મેતા ક્ષ લખો રૂપ ક્ષમા કરો, મેતા લ લખો લક્ષમીપતિ ધામ. ક્તા૦ ૧૩ મેતા અક્ષરે અક્ષર ઓલખ્યા એવો આદ પુરશ અવીનાશ ક્તા૦ હું તે બીજું ગમે નહી કાંઇ કહું, ગુરૂ સાચું કતમ પાસ. ક્તા૦ ૧૪ હું તો હરી હરા મુખમાંથી જપું, દીન રેણ રહુ રલીઆત. કતા. મારા મનમાં ગોવીંદ મુકુંદ વશે, નહી આચરું અલાપંપાલ. ક્તા. ૧૫ મારે નામ નારાયણ રામ કહે, કમલા વર વૈકુંઠ રાએ. ક્તા૦ શચીદાનંદ માધવ પ્રાણ પ્રભુ, તેહેના કહી આ કરું મહીમાએ ક્તા૦ ૧૬ હું તો સુંદર નારાયણ વદું, દામોદર દીન દયાલ ક્પા૦ અવી નાશા અનંત અમોઘ અતિ, વલી પુરણબ્રહમ ગોપાલ. ક્તા. ૧૭ એનું નામ ન મેલું એક ઘડી, પંડ માંહે છે જહાં લગી પ્રાણ. ક્તા૦ મારે તન મન ધન છે એહ સદા, જગજીવન શ્યામ સુજાણ. ક્તા. ૧૮ એના ભજનનો રશ કોણે અનુભવો, તેને બીજી રૂચે નહી વાત. ક્તા૦ તે તો ગીત કથા ગદ પદ થકે, દીન રેણ રહે રલીઆત. ક્તા૦ જગદિશ પરમેશ્વર જગતપતી, વલી ઇશ્વર સત્યસ્વરૂપ. ક્તા૦ કાહાવે ભગત વછલ ભવસાંધુ વિશે, ભગવાન સુરા સુર ભુપ. ક્તા૦ ૨૦ હવે એક ક્ષણ નહીરે તજું, ભજું ભાવ ધરી મન માંહે. ક્તા૦ મારે પ્રીતડી છે પેલા ભત્ર તણી, તેણે શ્રીવર થાશે શાહે. ક્તા૦ ૨૧ પુરવછાઓ શ્રીવર થાશે શાહેરે મન મોટા વીશવાશ, કરૂણાસાગર શ્રીહરી, તે પુરે મનનિ આશ. ૨૨ જેણે ભજા નહિ શ્રીહરી, ભગત વછલ ભગવાન, અમ્રતને અલગું કરી, ચંદન કરૂ વિખ પાન. ૨૩ કડવાં ૨૨ વલણ. વલતા બોલા તે મુનીવર શારજી, સાંભલ રાજા તે ધરમકુમારજી; ગુરૂજીએ વારો તે રાજકુમારજી. ૧ ઉથલો ગુરૂજીએ વારો અસુરં સુતનેં, સુણી વીષ્ણુ વખાણ, તુજ તાત વેરીને શું ભજે, સુણ કુંવર ચતુરસુજાણ ૨ રાગ ચોપાઇ

